RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 267 Dt. 12-04-2025 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT




# તામિલનાડુમાં BJPની દસ્તક

## AIADMK-BJP ગઠબંધનની જાહેરાત

### કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું વિપક્ષી લોકો ધ્યાન ભટકાવવા માટે NEET અને સીમાંકનનો મુદ્દો ઉઠાવી રહ્યા છે

### લોકો ડીએમકે પાસેથી જવાબ માંગે છે : અમિત શાહ

આ દરમિયાન અમિત શાહે કહ્યું, 'અમે લોકોના વાસ્તવિક મુદ્દાઓ સાથે લોકોની વચ્ચે જઈશું અને મારું માનવું છે કે તમિલનાડુના લોકો વાસ્તવિક મુદ્દાઓ જાણે છે અને ડીએમકે પાસેથી જવાબો પણ માંગે છે.' લોકસભા ચૂંટણીમાં એક પણ બેઠક જીતવામાં નિષ્ફળ ગયા બાદ ભાજપ તમિલનાડુમાં પોતાની સંભાવનાઓ સુધારવા માટે ઉત્સુક છે. તે જ સમયે, કેન્દ્રીય મંત્રી અમિત શાહે પણ આગામી વિધાનસભા ચૂંટણી જીતવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો અને કહ્યું કે ગઉઅ ફરીથી પ્રચંડ બહુમતી મેળવશે અને તમિલનાડુમાં સરકાર બનાવશે. આગામી ચૂંટણીઓમાં ગઉઅ ફરી એકવાર પ્રચંડ બહુમતી મેળવશે અને તમિલનાડુમાં ફરી એકવાર ગઉઅ સરકાર બનશે. છેલ્લી બે ચૂંટણીઓમાં – લોકસભા અને છેલ્લી વિધાનસભા ચૂંટણી – અઈઅઉખઊં ને મજબૂત પ્રદર્શન કરવામાં મુશ્કેલી પડી રહી છે. ૨૦૧૬માં જે. જયલલિતાના મૃત્યુ પછી, એઆઈએડીએમકેએ ભાજપ સાથે ગઠબંધન કર્યું. ૨૦૨૧ ની રાજ્ય ચૂંટણી દરમિયાન, અઈઅઉખઊં અને ભાજપ ગઠબંધનમાં હતા, જેના પરિણામે ભાજપે ચાર બેઠકો જીતી હતી. જોકે, ૨૦૨૩ માં, અઈઅઉખઊં એ ભાજપ સાથેના સંબંધો તોડી નાખ્યા.





નવીદિલ્હી, તા. ૧૧

ભાજપે તમિલનાડુમાં આવતા વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણી માટે આયોજન શરૂ કરી દીધું છે અને પાર્ટીએ ફરી એકવાર તેના જૂના ભાગીદાર AIADMK સાથે જોડાણની જાહેરાત કરી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ તમિલનાડુના પ્રવાસે છે અને આજે તેમણે AIADMK ચીફ પલાનીસ્વામી સાથે એક પ્રેસ કોન્ફરન્સમાં AIADMK-BJP ગઠબંધનની જાહેરાત કરી છે. AIADMK અને ઇઉંડ નેતાઓની સંયુક્ત પત્રકાર પરિષદમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે આજે AIADMK અને BJPના નેતાઓએ સંયુક્ત રીતે નિર્ણય લીધો છે કે આગામી તમિલનાડુ વિધાનસભા ચૂંટણી AIADMK, BJP અને NDA ના રૂપમાં તમામ ગઠબંધન ભાગીદારો સાથે મળીને લડશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે આ (વિપક્ષી) લોકો ધ્યાન ભટકાવવા માટે NEET અને સીમાંકનનો મુદ્દો ઉઠાવી રહ્યા છે. તેમણે વધુમાં કહ્યું કે AIADMK પાસે કોઈ શરતો કે માંગણીઓ નથી. અમે AIADMK ના આંતરિક મામલામાં દખલ નહીં કરીએ. આ ગઠબંધન NDA અને AIADMK બંને માટે ફાયદાકારક રહેશે. તમિલનાડુ વિધાનસભા ચૂંટણી માટે ગઉઅ ગઠબંધન અંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહઃ તમિલનાડુ વિધાનસભા ચૂંટણી અંગે, આ ચૂંટણી રાષ્ટ્રીય સ્તરે હ્મ મોદી અને રાજ્ય સ્તરે AIADMK નેતા એડપ્પડી કે.ના નેતૃત્વ હેઠળ યોજાશે. પલાનીસ્વામીના નેતૃત્વમાં લડવામાં આવશે. આ દરમિયાન અમિત શાહે કહ્યું કે અમે લોકોના વાસ્તવિક મુદ્દાઓ સાથે લોકોની વચ્ચે જઈશું અને મારું માનવું છે કે તમિલનાડુના લોકો વાસ્તવિક મુદ્દાઓ જાણે છે અને ડીએમકે પાસેથી જવાબો પણ માંગે છે.

અમિત શાહે પ્રેસ કોન્ફરન્સ દરમિયાન કહ્યું કે AIADMK ગઉઅ ગઠબંધનનો એક ભાગ છે, અમે સાથે મળીને સરકાર બનાવીશું. ચૂંટણી જીત્યા પછી, ભાજપ સરકારમાં જોડાવાનો નિર્ણય લેશે. મંત્રીઓની સંખ્યા અને બેઠકો યોગ્ય સમયે નક્કી કરવામાં આવશે. તેમણે કહ્યું કે AIADMK ની કોઈ માંગણી નથી. અમારો AIADMK ના આંતરિક મામલામાં કોઈ હસ્તક્ષેપ નથી. AIADMKનું NDAમાં આવવું બંને (AIADMK અને BJP) માટે ઉપયોગી છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે ડીએમકે સનાતન અને ભાષાનો મુદ્દો ઉઠાવી રહ્યું છે, તે ધ્યાન ભટકાવવા માટે આવું કરી રહ્યું છે. તેમણે કહ્યું કે અમે ડીએમકે સરકારના ભ્રષ્ટાચારનો પર્દાફાશ કરીશું. ડીએમકે સરકારે ૩૯,૦૦૦ કરોડ રૂપિયાનું કૌભાંડ કર્યું છે, જેમાં દારૂ કૌભાંડ અને મનરેગા કૌભાંડનો સમાવેશ થાય છે. તમિલનાડુના લોકો સ્ટાલિન અને ઉદયનિધિને ક્યારેય માફ નહીં કરે. ધ્યાન ભટકાવવા માટે ડીએમકે NEET અને સીમાંકનનો મુદ્દો પણ ઉઠાવી રહ્યું છે. જો જરૂરી હોય તો, ગઉઅ તમિલનાડુમાં એક સામાન્ય લઘુત્તમ કાર્યક્રમ તૈયાર કરશે. અમિત શાહે કહ્યું કે નરેન્દ્ર મોદી સરકારને તમિલ ભાષા અને તમિલ સંસ્કૃતિ પર ગર્વ છે. મોદી સરકારે સંસદમાં સેંગોલની સ્થાપના કરી.



### પીએમ મોદીએ આ કેસ વિશે વિગતવાર માહિતી મેળવી અને અધિકારીઓને સંડોવાયેલા લોકો સામે કડક કાર્યવાહી કરવા જણાવ્યું

# વારાણસી ગેંગરેપ : ૧૨ ઝડપાયા

નવીદિલ્હી, તા. ૧૧

વારાણસીમાં ૧૯ વર્ષીય મહિલા પર થયેલા કથિત ગેંગરેપના કેસમાં વધુ ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. શુક્રવારે એક પોલીસ અધિકારીએ આ માહિતી આપી. આ ધરપકડો સાથે, પોલીસે આ કેસમાં ૨૩ માંથી ૧૨ આરોપીઓની ધરપકડ કરી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી સવારે તેમના સંસદીય મતવિસ્તારમાં અનેક પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરવા પહોંચ્યા તેના થોડા કલાકો પછી જ આ સમાચાર આવ્યા. સત્તાવાર નિવેદન અનુસાર, પીએમ મોદીએ આ કેસ વિશે વિગતવાર માહિતી મેળવી અને અધિકારીઓને સંડોવાયેલા લોકો સામે કડક કાર્યવાહી કરવા જણાવ્યું. દરમિયાન, અધિક પોલીસ કમિશનર (છાવણી) વિદુષ સક્સેનાએ જણાવ્યું હતું કે પોલીસે ગુરુવારે (૧૦ એપ્રિલ, ૨૦૨૫) ત્રણેયની ધરપકડ કરી હતી અને બાકીના આરોપીઓને પકડવા માટે સતત દરોડા પાડી રહ્યા છે.

ધરપકડ કરાયેલા લોકોની ઓળખ રાજ વિશ્વકર્મા, સમીર, આયુષ, સોહેલ, દાનિશ, અનમોલ, સાજિદ, ઝહીર, ઈમરાન, ઝૈબ, અમન અને રાજ ખાન તરીકે થઈ છે. ફરિયાદ મુજબ, પીડિતા પર ૨૯ માર્ચથી ૪ એપ્રિલ દરમિયાન અનેક જગ્યાએ ૨૩ લોકોએ સામૂહિક બળાત્કાર કર્યો હતો. પીડિતાના પરિવારે ૬ એપ્રિલે આ અંગે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, ૨૯ માર્ચથી ૪ એપ્રિલ દરમિયાન અનેક જગ્યાએ ૨૩ લોકોએ પીડિતા પર સામૂહિક બળાત્કાર કર્યો હતો. પીડિતાના પરિવારે ૬ એપ્રિલે આ અંગે ફરિયાદ નોંધાવી હતી.

# બિહારમાં આકાશી આફત : ૮૦થી વધુના મોત

### પાક અને ઘરોને થયેલા નુકસાનનું મૂલ્યાંકન માટે એક ટીમ રવાના : તોફાન-વરસાદથી લોકો હેરાન પરેશાન

નવીદિલ્હી, તા. ૧૧

બિહારના નાલંદા જિલ્લામાં તોફાન અને વરસાદને કારણે મૃત્યુઆંક વધીને ૨૩ થયો છે, એમ જિલ્લા મેજિસ્ટ્રેટે શુક્રવારે જણાવ્યું હતું. અગાઉ, નાલંદામાં વિનાશક તોફાન અને વરસાદને કારણે મૃત્યુઆંક ૨૨ હોવાનું જાણવા મળ્યું હતું. વાવાઝોડાને કારણે ૨૧ લોકોના મોત થયા, ડીએમ શુભંકરે પુષ્ટિ આપી કે ઓછામાં ઓછા ૧ વ્યક્તિનું મોત વીજળી પડવાથી થયું છે જ્યારે અન્ય લોકોનું મોત વિવિધ સ્થળોએ ભૂસ્ખલનને કારણે થયું છે. નાલંદામાં ૨૩ લોકોના મોત થયા છે. તેમાંથી એકનું મૃત્યુ વીજળી પડવાથી થયું હતું જ્યારે અન્યનું મૃત્યુ અલગ અલગ જગ્યાએ દફનાવવામાં આવ્યા બાદ થયું હતું. મુખ્યમંત્રી નીતિશ કુમારે પણ અસરગ્રસ્ત પરિવારોને વળતર આપવાનો નિર્દેશ આપ્યો છે અને વિસ્તારમાં પાક અને મકાનોના નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે એક ટીમ રવાના કરવામાં આવી છે.



મુખ્યમંત્રીની સૂચના મુજબ, તમામ પરિવારોને વળતર આપવા માટે કાર્યવાહી કરવામાં આવી રહી છે અને મોટાભાગના લોકોને વળતર ચૂકવી દેવામાં આવ્યું છે. ડીએમએ કહ્યું, ''આ સાથે, પાક અને ઘરોને થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે એક ટીમ રવાના થઈ ગઈ છે.'' તેમણે જણાવ્યું હતું કે ૧૮ કિમી લો-ટેન્શન લાઇન (LT) અને ૨૦૦ ઇલેક્ટ્રિક થાંભલાઓના સમારકામનું કામ ચાલી રહ્યું છે અને આજે સાંજ સુધીમાં પૂર્ણ થઈ જશે. ૧૮ કિમીથી વધુ લાંબી એલટી લાઇન અને ૩૦૦ થી વધુ વીજળીના થાંભલા ધરાશાયી થયા હોવાથી વીજ વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવી એક પડકાર હતો, તેથી તેને પુનઃસ્થાપિત કરવામાં આવી રહી છે... આજે સાંજ સુધીમાં બધી વ્યવસ્થા સામાન્ય થઈ જશે. ડીએમ શુભંકરે જણાવ્યું હતું કે જાનમાલના નુકસાન ઉપરાંત ઘરો, પશુધન અને કૃષિ પાકને પણ નોંધપાત્ર નુકસાન થયું છે. તેમણે કહ્યું કે અધિકારીઓ શુક્રવારે મિલકત અને પાકના નુકસાનનું મૂલ્યાંકન શરૂ કરશે, ત્યારબાદ વળતર આપવામાં આવશે. આ શક્તિશાળી વાવાઝોડાએ સમગ્ર પ્રદેશમાં વૃક્ષો ઉખેડી નાખ્યા અને માળખાં તોડી પાડ્યા, જેના કારણે નાલંદાના અનેક બ્લોકમાં મૃત્યુ થયા.અધિકારીઓના જણાવ્યા અનુસાર, જિલ્લાના નગ્મા ગામમાં એક મંદિર પર એક વિશાળ પીપળનું ઝાડ પડ્યું, જેના કારણે વરસાદ અને તોફાન પછી આશ્રય લેવા માટે ભેગા થયેલા ઘણા લોકો માર્યા ગયા. વિસ્તારના ગ્રામજનોએ તેમને ૪ લાખ રૂપિયાનું વળતર આપવામાં વિલંબનો દાવો કર્યો છે.

# વિશ્વ પર મહામારીનો વધુ એક ખતરો : WHO

### સભ્ય દેશોએ સાથે મળીને વૈશ્વિક પ્લાન કરવો પડશે તૈયાર : થયેલી સમજૂતીને અંતિમ રૂપ આપવાનો આવ્યો સમય

નવીદિલ્હી, તા. ૧૧

શુક્રવાર, ૧૧ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ અંતિમ સમયમર્યાદા પહેલા ભવિષ્યના રોગચાળાનો સામનો કરવા માટે વૈશ્વિક કરાર પર વર્ષોથી ચાલી રહેલી વાટાઘાટોનું પરિણામ શંકાસ્પદ હતું. COVID-૧૯ થી લાખો લોકોના મૃત્યુના પાંચ વર્ષ પછી - અને ઈપગ૧ બર્ડ ફ્લૂથી લઈને ઓરી, એમ્પોક્સ અને ઇબોલા સુધીના નવા સ્વાસ્થ્ય જોખમો સાથે - રોગચાળાના નિવારણ, તૈયારી અને પ્રતિભાવ પર ઐતિહાસિક કરાર માટે દબાણ વધી રહ્યું છે. એટલુજ નહીં

ડબલ્યુએચઓની બેઠકમાં બોલતા કહ્યું કે, 'આગામી સમયમાં કોઈપણ સમયે ગમે ત્યાં વૈશ્વિક સંકટ આવી શકે છે. આ સંકટ આવવામાં ૨૦ વર્ષ પણ લાગી શકે છે અને કદાચ આવતીકાલે પણ આવી શકે છે.'

''એક એવું માળખું હોવું જે દેશોને એકસાથે લાવે અને આગામી રોગચાળા માટે યોજનાઓ બનાવે તો હજારો કે લાખો લોકોના જીવ બચાવી શકાય છે,'' WHOના કટોકટી નિર્દેશક માઈકલ રાયને ભાર મૂક્યો. પરંતુ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વિશ્વ આરોગ્ય સંગઠનમાંથી યુનાઇટેડ સ્ટેટ્સને પાછું ખેંચવાનો અને અમેરિકન આરોગ્ય સંસ્થાઓને મોટા પ્રમાણમાં તોડી પાડવાનો નિર્ણય વૈશ્વિક આરોગ્ય જોખમ દેખરેખ પ્રણાલી માટે એક નવો ખતરો ઉભો કરે છે, નિષ્ણાતોએ ચેતવણી આપી છે. ''હમણાં નહીં તો ક્યારેય નહીં,'' જીનીવા ગ્રેજ્યુએટ ઇન્સ્ટિટ્યૂટ ખાતે ગ્લોબલ હેલ્થ સેન્ટરના સહ-નિર્દેશક સુએરી મૂને જણાવ્યું. ડબલ્યુએચઓની બેઠકમાં આવેલા



દેશના તમામ પ્રતિનિધિઓને અપીલ કરી છે કે, આપણે હવે આ સમજૂતીને અંતિમ રૂપ આપવાની જરૂર છે, તેથી તમે સર્વસંમતિથી કરાર માટે તૈયાર થઈ જાઓ.

મોટા વિવાદોએ વાટાઘાટો ધીમી કરી દીધી છે, જેમાં ખતરનાક રોગકારક જીવાણુઓ પર ડેટા કેવી રીતે શેર કરવો અને રસી, પરીક્ષણો અને સારવારનું ઉત્પાદન કરવા માટે ટેકનોલોજી અને જ્ઞાનનું ટ્રાન્સફર ફરજિયાત હોવું જોઈએ કે સ્વૈચ્છિક હોવું જોઈએ તે જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે. ૧૩ રાઉન્ડની ચર્ચાઓ પછી, દેશો આ અઠવાડિયે જીનીવામાં WHO મુખ્યાલય ખાતે અંતિમ વાટાઘાટો માટે મળી રહ્યા છે, જેમાં બાકીના મુદ્દાઓને ઉકેલવા માટે શુક્રવાર રાત સુધીની સમયમર્યાદા છે. આગામી મહિને WHO ની વાર્ષિક સભા દરમિયાન અંતિમ મંજૂરી માટે એક ટેક્સ્ટ તૈયાર કરવાનો ઉદ્દેશ્ય છે.''સભ્ય દેશો ખૂબ જ સખત મહેનત કરી રહ્યા છે,'' ઠઈંઘ ના વડા ટેડ્રોસ અધાનોમ ઘેબ્રેયેસસે ગુરુવાર, ૧૦ એપ્રિલના રોજ પત્રકારોને જણાવ્યું, ''મને આશા છે કે તેઓ કોઈ કરાર પર પહોંચશે.'' રાયને કહ્યું કે વાટાઘાટકારો ''સતત પ્રગતિ કરી રહ્યા છે. પરંતુ ટેબલ પર મુશ્કેલ મુદ્દાઓ છે. તાજેતરના મહિનાઓમાં વિવાદિત મુદ્દાઓની સંખ્યામાં સતત ઘટાડો થયો છે, નિરીક્ષકો કહે છે કે હવે મુખ્ય મુદ્દો ''રાજકીય ઇચ્છાશક્તિ'' છે. એનજીઓ અને નિષ્ણાતો દેશોને સમાધાન કરવા વિનંતી કરી રહ્યા છે, જેમાં મે સુધી વાટાઘાટોનો નવો વિસ્તાર શક્ય છે. આ કરાર સુધી પહોંચવું ખૂબ જ મહત્વપૂર્ણ છે, ભલે તેનો લખાણ ઓછો શ્રેષ્ઠ હોય,'' મેડિસિન લો અને પોલિસી NGO ના ડિરેક્ટર એલેન 'ટી હોએને જણાવ્યું. ''શરૂઆતથી જ આવા કરાર પર વાટાઘાટો કરવા કરતાં આ ઘણું સારું છે, કારણ કે તે કદાચ આગામી રોગચાળા પછી જ થશે, અને તે અસ્વીકાર્ય પરિસ્થિતિ હશે.

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
www.rnsbindia.com (મલ્ટી-સ્ટેટ શેડયુલ્ડ બેંક)



વ્યાજદર ફક્ત ૯.૨૫%* થી
GST સરોગેટ ઓવરડ્રાફ્ટ સુવિધા
છેલ્લા ૧ વર્ષનું GST રિટર્નના વેચાણનાં ૩૦%નું ધિરાણ
સિક્યુરીટી કવરેજ ૧૨૫%
રૂા. ૨.૫૦ કરોડ સુધી ધિરાણની સુવિધા
જામીનની જરૂરિયાત નહિ
*શરતોને આધિન
નજીકની શાખાનો સંપર્ક કરો તુરંત અથવા Mo. 94282 86268માં મિસ્ડ કોલ કરો અને બેંકની યોજનાની માહિતી મેળવો
નાના માણસની મોટી બેંક PROUDLY CO-OPERATIVE સહકારથી સમૃદ્ધિ

અઢી અક્ષરના પ્રેમના નામે લફરાના વધી રહેલા કિસ્સાઓ: ચેતતા રહો, લેભાગુઓથી બચતા રહો

# લવ સેક્સ ધોખા: બે યુવતિ સાથે પ્રેમના નામે ખેલ-દૂષ્કર્મ

વીસ વર્ષની યુવતિ પ્રસંગમાં ચાલીસ વર્ષના શખ્સને મળી, પ્રેમ થયો-શોષણ થયું પછી તરછોડી દેવાઇ: બીજી ઘટનામાં વકિલાતનો અભ્યાસ કરતી યુવતિને પ્રેમીએ લગ્નની વાત આવતા કહી દીધુ મારે તો બે સંતાનની મા સાથે લવ છે અને ત્યાંજ લગ્ન કરીશ



રાજકોટ: પ્રેમના નામે ખેલ ખેલવાના અને શરીર સુખ માણી લીધા બાદ જે તે પ્રેમિકાને જાકારો આપી દેવાના કિસ્સા રોજબરોજના બની રહ્યા છે. રાજ્યભરમાં આ પ્રકારની ઘટનાઓ સામે આવતી રહે છે. લવ સેક્સ ઔર ધોખાની વધુ બે ઘટના પોલીસ ચોપડે ચડી છે. જેમાં એક બનાવમાં એકવીસ વર્ષની યુવતિ સાથે ચાલીસ વર્ષના યુવાને પ્રેમનો ખેલ ખેલ્યો હતો. ચાર વર્ષ સુધી સંબંધ રાખી શરીર સંબંધો બાંધી લીધા હતાં. પણ છેલ્લે યુવતિએ લગ્નનું કહેતાં આ શખ્સ હવે હું નથી રમતો એવુ કહી તરછોડીને ભાગી જતાં યુવતિએ દૂષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. બીજા આવા કિસ્સામાં વકિલાતનો અભ્યાસ કરતાં યુવાને કોલેજીયન યુવતિ સાથે પ્રેમના પાઠ ભણ્યા હતાં. લગ્નની લાલચ દઈ શરીર સંબંધ પણ બાંધી લીધા હતાં. પરંતુ છેલ્લે આ મહાશયે લગ્નની ના પાડી દેતાં વાત પોલીસ સુધી પહોંચી હતી. એટલુ જ નહિ પોતાને તો પોતે જ્યાં નોકરી કરે છે એ બે સંતાનની મા સાથે પ્રેમ છે અને ત્યાં જ લગ્ન કરશે તેવુ કહી દીધુ હતું!

પ્રેમના નામે છેતરવાની અને શોષણ કરવાની પ્રથમ ઘટના પર નજર કરીએ તો આ બનાવ વાપીનો છે. આવુ કોઇની પણ સાથે કોઇપણ ગામ કે શહેરમાં બની શકે છે, માટે કહેવાતા લેભાગુ પ્રેમીઓથી ચેતતા રહેવું જરૂરી છે. વિગત જોઇએ તો એકવીસ વર્ષની યુવતીની મુલાકાત અંકલેશ્વરના ચાલીસ વર્ષીય યુવક સાથે એક લગ્ન પ્રસંગમાં થઇ હતી. ત્યારબાદ બંને પ્રેમસંબંધમાં બંધાઇ ગયા હતા. આ દરમિયાન બંને વચ્ચે શારીરિક સંબંધ બંધાયા બાદ યુવકે યુવતી સાથે લગ્ન કરવા ના પાડી દેતા ટાઉન પોલીસ મથકમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. વાપી ટાઉન પોલીસ હદ વિસ્તારમાં રહેતી એક એકવીસ વર્ષીય યુવતી ચાર વર્ષ પહેલા સમાજના લગ્ન પ્રસંગમાં ગઇ હતી ત્યારે ત્યાં અંકલેશ્વરમાં રહેતા ચાલીસ વર્ષના યુવક સાથે તેની મુલાકાત થઇ હતી. જે બાદ બંને વચ્ચે અવારનવાર ફોન ઉપર વાતચીત થતી હતી.

આ વાતચીતનો દોર આગળ વધ્યા બાદ બંને ધીમે ધીમે પ્રેમ સંબંધમાં બંધાયા હતાં. આ પછી યુવાને પોતે લગ્ન કરી લેશે અને ખુબ જ પ્રેમ કરે છે.

તેવા આંબા આંબલી બતાવી યુવતિ સાથે ઘનીષ્ઠ સંબંધો બનાવ્યા હતાં. તેઓ પ્રેમસંબંધમાં બંધાયા હતા અને અલગ અલગ સ્થળે ફરવા માટે જતા હતા. ત્યારે બંનેએ શારીરિક સંબંધો પણ બાંધ્યા હતા. પરંતુ હવે યુવતીએ યુવકને લગ્ન કરવા કહેતા તેણે તે માટે ના પાડી દીધી હતી.

જેથી યુવતીએ આ અંગે ગુરૂવારે વાપી ટાઉન પોલીસ મથકમાં તેની સામે દુષ્કર્મની ફરિયાદ કરી છે. યુવક વીજ કંપનીમાં નોકરી કરતો હોવાનું જાણવા મળ્યું છે. હાલ ટાઉન પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રેમના નામે છેતરવાની અને શોષણ કરવાની પ્રથમ ઘટના પર નજર કરીએ તો આ બનાવ વાપીનો છે.

આવુ કોઇની પણ સાથે કોઇપણ ગામ કે શહેરમાં બની શકે છે, માટે કહેવાતા લેભાગુ પ્રેમીઓથી ચેતતા રહેવું જરૂરી છે. વિગત જોઇએ તો એકવીસ વર્ષની યુવતીની મુલાકાત અંકલેશ્વરના ચાલીસ વર્ષીય યુવક સાથે એક લગ્ન પ્રસંગમાં થઇ હતી. ત્યારબાદ બંને પ્રેમસંબંધમાં બંધાઇ ગયા હતા. આ દરમિયાન બંને વચ્ચે શારીરિક સંબંધ બંધાયા બાદ યુવકે યુવતી સાથે લગ્ન કરવા ના પાડી દેતા ટાઉન પોલીસ મથકમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. વાપી ટાઉન પોલીસ હદ વિસ્તારમાં રહેતી એક એકવીસ વર્ષીય યુવતી ચાર વર્ષ પહેલા સમાજના લગ્ન પ્રસંગમાં ગઇ હતી ત્યારે ત્યાં અંકલેશ્વરમાં રહેતા ચાલીસ વર્ષના યુવક સાથે તેની મુલાકાત થઇ હતી. જે બાદ બંને વચ્ચે અવારનવાર ફોન ઉપર વાતચીત થતી હતી.

આ વાતચીતનો દોર આગળ વધ્યા બાદ બંને ધીમે ધીમે પ્રેમ સંબંધમાં બંધાયા હતાં. આ પછી યુવાને પોતે લગ્ન કરી લેશે અને ખુબ જ પ્રેમ કરે છે.

તેવા આંબા આંબલી બતાવી યુવતિ સાથે ઘનીષ્ઠ સંબંધો બનાવ્યા હતાં. તેઓ પ્રેમસંબંધમાં બંધાયા હતા અને અલગ અલગ સ્થળે ફરવા માટે જતા હતા.

ત્યારે બંનેએ શારીરિક સંબંધો પણ બાંધ્યા હતા. પરંતુ હવે યુવતીએ યુવકને લગ્ન કરવા કહેતા તેણે તે માટે ના પાડી દીધી હતી. જેથી યુવતીએ આ અંગે ગુરૂવારે વાપી ટાઉન પોલીસ મથકમાં તેની સામે દુષ્કર્મની ફરિયાદ કરી છે.

યુવક વીજ કંપનીમાં નોકરી કરતો હોવાનું જાણવા મળ્યું છે. હાલ ટાઉન પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

# વોલ્ગા ઘી ડેપોનો નમુનો ફેઈલ

## સંચાલકને એક લાખના દંડની સાથે એક માસની કેદની સજા ફટકારાઈ

રાજકોટ, તા. ૧૧

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગના ફૂડ સેફ્ટી ઓફિસર કે.જે.સરવૈયા દ્વારા તા.૦૩-૦૨-૨૦૨૦ ના રોજ ''વોલ્ગા ઘી ડેપો'' કે જે ઉદયનગર ૨, શેરી નં. ૧, મવડી મે. રોડ, રાજકોટ મુકામેથી ''ગાયનું શુધ્ધ ઘી (લુઝ)'' નો નમુનો સાક્ષીપંચની હાજરીમાં લેવામાં આવ્યો હતો. ફૂડ એન્ડ ડ્રગ લેબોરેટરી વડોદરાના ફૂડ એનાલિસ્ટ દ્વારા આપયેલા રિપોર્ટમાં નમૂનામાં કાયદાથી પ્રતિબંધિત બી.આર. રીડીંગ વધુ, રીચર્ટ વેલ્યુ ઓછી, તલના તેલની હાજરી, ફોરેન ફેટ હાજરી તથા નોન પરમીટેડ કલરની હાજરી મળી આવેલ હોવાથી નમૂનો ''અનસેફ ફૂડ''તથા''સબસ્ટાન્ડર્ડ'' જાહેર કરવામાં આવ્યું

ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ -૨૦૦૬ અને તે હેઠળના નિયમાનુસાર કાર્યવાહી કરી નામદાર મ્યુનિસિપલ કોર્ટ રાજકોટ સમક્ષ રાજકોટ મહાનગરપાલિકા તરફે ફૂડ સેફ્ટી ઓફિસર કે.જે.સરવૈયા દ્વારા ફોજદારી કેસ દાખલ કરવામાં આવેલ. સદરહુ કેસ ચાલી જતાં નામદાર જ્યુ. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ -મ્યુનિસિપલ કોર્ટ દ્વારા તમામ દસ્તાવેજી પુરાવા તથા રજૂઆતને ધ્યાને લઈ રાજકોટ મહાનગરપાલિકા તરફે ચુકાદો આપતા નામદાર મેજીસ્ટ્રેટ નેહાબેન ટી. કારીયા સાહેબે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ -૨૦૦૬ ની કલમ-૫૯ તથા કલમ-૬૩ હેઠળ તકસીરવાન ઠરાવી નિલેશભાઇ ગોપાલદાસ કાનાબાર (નમૂનો આપનાર ફૂડ બિઝનેશ ઓપરેટર- પેઢીના માલિક) ને ૧ માસની કેદ તથા રૂ.૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પૂરા) ના દંડની સજા કરવામાં આવી છે. અને જો દંડ ન ભરવામાં આવે તો વધુ ૧ માસની કેદની સજાનો હૂકમ કરેલ છે.



રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગના ફૂડ સેફ્ટી ઓફિસરશ્રી કે.જે.સરવૈયા દ્વારા તા.૦૮-૧૦-૨૦૨૦ ના રોજ ''લક્ષ્મી કરીયાણા ભંડાર'' સ્થળ: જંકશન પ્લોરટ મે.રોડ, નાગરીક બેંક પાસે, રાજકોટ મુકામેથી ''આખા મરી (લુઝ આખા)'' નો નમુનો સાક્ષીપંચની હાજરીમાં લેવામાં આવેલ. ફૂડ એન્ડ ડ્રગ લેબોરેટરી વડોદરાના ફૂડ એનાલિસ્ટ દ્વારા આપયેલા રિપોર્ટમાં સદરહુ નમૂનામાં કાયદાથી પ્રતિબંધિત મિનરલ ઓઇલની હાજરી મળી આવેલ હોવાથી નમૂનો ''અનસેફ ફૂડ'' જાહેર કરવામાં આવેલ. જેથી ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ -૨૦૦૬ અને તે હેઠળના નિયમાનુસાર કાર્યવાહી કરી નામદાર જ્યુ. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ -મ્યુનિસિપલ કોર્ટ રાજકોટ સમક્ષ રાજકોટ મહાનગરપાલિકા તરફે ફૂડ સેફ્ટી ઓફિસર કે.જે.સરવૈયા દ્વારા ફોજદારી કેસ દાખલ કરવામાં આવેલ. સદરહુ કેસ ચાલી જતાં નામદાર મ્યુનિસિપલ કોર્ટ દ્વારા તમામ દસ્તાવેજી પુરાવા તથા રજૂઆતને ધ્યાને લઈ રાજકોટ મહાનગરપાલિકા તરફે ચુકાદો આપતા નામદાર મેજીસ્ટ્રેટ નેહાબેન ટી. કારીયા સાહેબે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ -૨૦૦૬ ની કલમ-૫૯ હેઠળ તકસીરવાન ઠરાવી વિજયભાઇ દયારામ ગોપલાણી (નમૂનો આપનાર ફૂડ બિઝનેશ ઓપરેટર- પેઢીના માલિક) ને ''TILL RISING OF THE COURT'' તથા રૂ.૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પૂરા) ના દંડની સજા કરવામાં આવી છે. અને જો દંડ ન ભરવામાં આવે તો વધુ ૧ માસ ૧૫ દિવસની કેદની સજાનો હૂકમ કરેલ છે. ફૂડ વિભાગની ટીમ તથા FSW વાન સાથે શહેરના ઓમનગર પ્રજાપતિ મેઇન રોડ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૦ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૧૨ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાદ્ય ચીજોના કુલ ૨૦ નમૂનાની સ્થળ પર ચકાસણી કરેલ.

**૨૦ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ, જેમાં ૧૨ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના અપાઈ**

પ્યાર અંધા હોતા હૈ...જમીન વેંચાતા મળેલી બોંતેર લાખમાંથી ખરીદી કરી વધેલી રકમ ઘરના પીપમાં રાખી ચાવી બહેનને દીધી હતી

# પ્રેમાંધ બહેને ભાઇના ચાલીસ લાખ ચોરી પ્રેમીને દઇ દીધા!

## પ્રેમીને ત્રીસ લાખ અને બીજા બે શખ્સોને પણ રકમ આપી દીધી: ભાઇને વિડીયો ગ્રાફરને નાણા ચુકવવા હોઇ તપાસ કરતાં કંઇ ન મળ્યું: પોલીસે બહેન સાથે દાખલ કરી FIR

રાજકોટ: પ્રેમ અઢી અક્ષરનો આ શબ્દ અનેક પ્રેમીઓ માટે જિંદગી જન્નત બનાવી દેતો હોય છે તો અનેક પ્રેમીઓ એવા પણ હોય છે જે પ્રેમના નામે બરબાદ થઈ જતાં હોય છે. અથવા તો તેની પ્રેમકહાનીમાં એવા એવા ટ્વિસ્ટ આવતા હોય છે કે તેઓ ઘણીવાર ન ભરવાનું પગલુ ભરી લેતાં હોય છે અથવા તો સમાજમાં બદનામી મળે તેવા કૃત્ય તરફ આગળ વધી જતાં હોય છે. કંઇક આવી જ એક ઘટના સામે આવી છે જેમાં એક યુવતિ પ્રેમમાં એવી અંધ બની ગઇ હતી કે પોતાના ઘર પરિવારના લોકોની જાણ બહાર તેણે પ્રેમીને ઓગણચાલીસ લાખ રૂપિયા આપી દીધા હતાં. ભાઇને જ્યારે બહેનના આ કરતૂતની જાણ થઇ ત્યારે ભાઇ-બહેનના સંબંધમાં તિરાડ પડી હતી અને વાત પોલીસ સુધી પહોંચતા પોલીસે ભાઇની ફયિરાદ પરથી બહેન વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી હતી. પ્રેમી માટે હવે પ્રેમિકાની સાથે સાથે ગુનેગારના લિસ્ટમાં આ યુવતિ સામેલ થઇ ગઇ હતી.

ચર્ચા જગાવતી આ ઘટના પર નજર કરીએ તો કઠલાલના સરખેજ માં રહેતી સગી બહેન ભાઇની જાણ બહાર પ્રેમી સહિત ત્રણ શખ્સને રૂપિયા ઓગણચાલીસ લાખ બારોબાર આપી દીધા હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. જેમાં વેપારીએ વડીલોપાર્જીત જમીન વેચતા રૂપિયા બોંતેર લાખ આવ્યા હતા. જેમાંથી ટ્રેક્ટર, દુકાન બનાવવા અને ઘર ખર્ચ બાદ કરતા ચાલીસ લાખ વધ્યા હતા. આ બાદ વેપારીએ રૂ ચાલીસ લાખ પીપમાં મૂકી તેની ચાવી બહેનને આપી હતી. પરંતુ એ પછી બહેને ભાઇની જાણ બહાર ત્રણ વ્યક્તિઓને આમાંથી ઓગણચાલીસ લાખ રૂપિયા બારોબાર આપી દીધા હતા .આ બનાવ અંગે કઠલાલ પોલીસે ફરિયાદ દાખલ કરી તપાસ શરૂ કરી છે. કઠલાલ તાલુકાના ડાભીની મૂવાડી તાબાના સરખેજમાં રહેતા નલિન ડાભી નામનો બત્રીસ વર્ષિય યુવાન પરિવાર સાથે રહી ગામમાં કરીયાણાની દુકાન ચલાવે છે. તેની બહેનના સાસરીયામાં અણબનાવ થતા છેલ્લા સાડા ત્રણ વર્ષથી પિયરમાં રહે છે. વેપારીએ એક વર્ષ અગાઉ ખલાલ સીમમાં આવેલ વડીલોપાર્જીત જમીનમાંથી અડધી જમીન વેચી હતી. જેના વેપારીને કુલ રૂપિયા બોંતેર લાખ મળ્યા હતા.



આ રકમ આવતાંવેપારીએ જમીનમાંથી આવેલા પૈસામાંથી ટ્રેક્ટર, દુકાન બનાવવા અને ઘર ખર્ચમાં વાપર્યા હતા જેમાંથી કુલ ચાલીસ લાખની રકમ બચી હતી. આ રકમ તેમણે ઘરના પીપમાંથી મૂક્યા હતા અને તેની ચાવી બહેન નિત્તલને આપી રાખી હતી.આ દરમિયાન ચાલુ વર્ષના માર્ચ માસમાં વેપારીને પૈસાની જરૂરિયાત ઉભી થતા પીપ ખોલતા પૈસા જોવા મળ્યા ન હતા. જેથી વેપારી એ બહેન નિત્તલને પૂછતા કહ્યું હતુ કે ગામમાં રહેતા રમેશ રાઠોડ સાથે તેને પ્રેમ સંબંધ હતો અને રમેશને પૈસાની જરૂરિયાત ઉભી થતા તેને નિત્તલ પાસે પૈસાની માંગણી કરતા ટુકડે ટુકડે કુલ રૂ ત્રીસ લાખ લઈ ગયા હતા. આ ઉપરાંત ગામના ભરત ઉર્ફે મંગો રાઠોડ પણ રૂ ૮.૫૦ લાખ અને કૃણાલ ગીરીશભાઈ શર્મા દુકાનમાં માલસામાન ભરવા રૂ ૫૦ હજાર લઈ ગયા હોવાની કબૂલાત કરી હતી.

આ બાદ વેપારી ત્રિપુટી પાસે ઉછીના લઈ ગયેલા પૈસા પરત માંગતા ત્રણેયે કહ્યું હતું કે તારાથી થાય તે કરી લેજો અમે તને પૈસા પાછા આપવાના નથી, તુ હવે પછી અમારી પાસે પૈસાની માંગણી કરીશ તો જાનથી મારી નાખીશુની ધમકી આપી હતી.આ બનાવ અંગે નલિન કનુભાઇ ડાભીએ કઠલાલ પોલીસ મથકે બહેન નિત્તલ, રમેશ પ્રવિણભાઇ રાઠોડ,ભરત ઉર્ફે મંગો બાદરભાઈ રાઠોડ અને કૃણાલ ગીરીશભાઈ શર્મા સામે ફરિયાદ નોંધાવી છે. વેપારીએ પીપમાં પૈસા મૂકી તેની ચાવી બહેન નિતલને આપી રાખી હતી.આ દરમિયાન હાલમાં વિડિયો ગ્રાફરને આપવા માટે રૂપિયા દસ હજારની જરૂરીયાત ઉભી થતા નિત્તલ પાસેથી પીપની ચાવી લઈ પૈસા લેવા જતા પૈસા જોવા મળ્યા ન હતા.આમ વિડિયો ગ્રાફરને પૈસા આપવા પીપ ખોલતા પૈસા જોવા મળ્યા ન હતા. વેપારીએ પીપમાં પૈસા મૂકી તેની ચાવી બહેન નિત્તલને આપી હતી.આ દરમિયાન ત્રણ માસમાં બહેને પૂર્વ પ્રેમી રમેશ રાઠોડને રૂ 30 લાખ, ભરત ઉર્ફે મંગાને રૂ ૮.૫૦ લાખ અને કુણાલ શર્માને રૂ ૫૦ હજાર આપી કુલ રૂ ૩૯ લાખ ભાઈની જાણ બહાર આવી દીધા હતા. આ સમગ્ર કિસ્સામાં હવે પોલીસે તપાસ શરૂ કરી હતી. ભાઇના પૈસા ચોરી તેની જાણ બહાર પ્રેમી સહિતને આપી દેનારી બહેનની ધરપકડ કરવા તજવીજ શરૂ થઇ હતી.

### છ વર્ષની બાળકી રમતી હતી તેને ઉઠાવી પતરાની ઓરડીમાં લઇ ગયોઃ બાળાએ દેકારો મચાવતાં ઇંટ મારી રહેંસી નાંખી

# હેવાનીયતઃ દૂષ્કર્મમાં સફળ ન થતાં બાળકીની હત્યા

## હત્યારાને શોધવા પોલીસના ડોગે જબ્બર કામગીરી બતાવીઃ લોહીના ડાઘની સ્મેલ લઇ ડોગ સીધો હવસખોર હત્યારાની ઓરડીએ જઇ ઉભો રહ્યો

રાજકોટઃ રાજ્યભરમાં રોજબરોજ હવસખોરીની ચોંકાવનારી ઘટનાઓ બનતી રહે છે. આવી ઘટનાઓમાં ચિંતાજનક રીતે વધારો થયો છે. દરમિયાન એક કિસ્સામાં છ વર્ષની માસુમ બાળા સાથે દૂષ્કર્મનો પ્રયાસ કરી તેમાં સફળ ન થતાં હવસખોરે હેવાનીયતની હદ વટાવી દઇ આ માસુમ બાળકીની ક્રુર હત્યા કરી નાંખી હતી. આ ભેદ પોલીસે ઉકેલી નાખી હવસખોર હત્યારાને દબોચી લીધો છે. ગણતરીના કલાકોમાં આ ભેદ ઉકેલવામાં પોલીસને એક ખાસ ડોગ ઓરીયોએ મદદ કરી હતી. આ ડોગે અગાઉ પણ ઘણા ગુનાના ભેદ ઉકેલ્યા હતાં.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદના બાવળા સરખેજ હાઇવે રોડ ચાંગોદર ખાતે ત્રણ દિવસ પહેલા ૬ વર્ષની બાળકી સાથે દુષ્કર્મનો પ્રયાસ બાદ હત્યાની ઘટના સામે આવી હતી. આરોપી ચાંગોદરમાં રસ મધુર કંપનીની પતરાની ઓરડીમા છ વર્ષની બાળકીને બિસ્કિટ બતાવી લઇ ગયો હતો અને બાળકી સાથે દુષ્કર્મનો પ્રયાસ કરીને માથાના ભાગે ઈંટનો ટુકડો મારીને હત્યા કરી હતી. સમગ્ર મામલે અમદાવાદ ગ્રામ્ય પોલીસ અને સાણંદ ડિવિઝનની સાંઇઠની પોલીસકર્મીની છ ટીમોએ સીસીટીવી, ડોગસ્કોડની મદદથી ચૌદ કલાકમાં આરોપીને ઝડપી પાડ્યો હતો. અમદાવાદના બાવળા સરખેજ હાઇવે રોડ ચાંગોદરમાં છ વર્ષની બાળકીને બિસ્કિટ આપવાનું કહીને આરોપી ત્રીસ વર્ષનો હવસખરો વિન્દ્રકુમાર છોટાલાલસિંઘ મોજીસાવ પતરાની ઓરડીમાં લઈ ગયો હતો અને બાળકીને શારીરિક અડપલા કરીને દુષ્કર્મનો પ્રયાસ કર્યો હતો.

બળજબરીનો પ્રયાસ થતાં બાળકી બૂમાબૂમ કરવા માંડતા આરોપીએ માથામાં ઈંટનો ટૂકડો મારીને બાળકીની હત્યા કરી હતી. પોલીસે દુષ્કર્મનો પ્રયાસ-હત્યાના કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ચૌદ કલાકમાં જ આરોપીને ઝડપી પાડ્યો હતો. અમદાવાદ અને સાણંદ સહિતની સાઇઠ પોલીસકર્મીની ટીમ દ્વારા ત્રીસ-ચાલીસ સીસીટીવી ફંગોળ્યા, સોથી વધુ વ્યક્તિની પૂછપરછ કરી, ડોગસ્કોડ, એફ.એસ.એલ. અને ટેકિન્કલ ટીમ દ્વારા



આરોપીને ઝડપીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે આ ભેદ ઉકેલવામાં હત્યારાને પકડવામાં પોલીસની ઓરીયો ડોગની કામગીરી ઉડીને આંખે વળગી હતી. અગાઉ તેર લાખથી વધુની ઘરફોડ ચોરીના ગુનાને ચપટી વગાડતાં જ શોધીને સફળતાં હાંસલ કરનાર ડોગ સ્કવોડના ઓરીયો ડોગે ચાંગોદર-બાવળા-સરખેજ રોડ પર રહેતાં શ્રમિક પરિવારની દીકરીની હત્યાના ગુનેગારને ગણતરીની મિનિટોમાં પકડાવીને વધુ એક સફળતાં મેળવી છે.

છેલ્લાં એક અઠવાડિયામાં ઘરફોડ ચોરી તથા હત્યાના ગુનાને ઉકેલવામાં પોલીસને મદદરૂપ થતાં ઓરીયો ડોગ એક પછી એક સફળતાની સીડીઓ ચડી રહ્યો છે. સફળતાં મેળવવા બદલ ચાંગોદર પોલીસે ડોગ હેન્ડલર એએસઆઇ અજીતસિંહ ઘુમ્મડ તથા ઓરીયો ડોગને પ્રમાણપત્ર અપાયુ હતું. મુળ મધ્યપ્રદેશના ઝાંબુઆ જિલ્લાના બલવન ગુંડીયા ફળીયું ખાતે રહેતાં શ્રમિક પરિવાર અમદાવાદ ખાતે રોજગારી અર્થે આવ્યો હતો અને અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના ચાંગોદર-બાવળા હાઇ-વે રોડ પર પતરાંની ઓરડીમાં રહેતો હતો. તેમની છ વર્ષની બાળકીના મો, ગળાં તથા કમ્મર અને પીઠના ભાગે તેમ જ ડાબા કાન સહિત શરીરના જુદા-જુદા ભાગે ઇજા પહોંચાડીને હત્યા કરવામાં આવી હતી.

લોહીલુહાણ હાલતમાં બાળકીની લાશ જોઈને પરિવાર સહિત ચાંગોદર પોલીસ ચોંકી ઉઠી હતી. બાળકીની હત્યા કરનારા ગુનેગારને શોધવા માટે પોલીસે અમદાવાદ શહેરના શાહીબાગ સ્થિત પોલીસ મુખ્ય મથક ખાતેના ડોગ સ્કવોડને મદદ માટે બોલાવી હતી. જેના પગલે ડોગ હેન્ડલર એએસઆઇ અજીતસિંહ ભીખુભા ઘુમ્મડ તથા ઓરીઓને લઇને ઘટનાસ્થળ પર પહોંચ્યા હતા.

અહીં કંતાનના કોથળા પર લાગેલ લોહીની સ્મેલ કરાવતાં અને ડોગને ટ્રેક કરાવતાં ડોગ નજીકમાં જ પતરાંની ઓરડીમાં રહેતાં મૂળ બિહારના ગયા જિલ્લાના અતરીના સાસરૂ પુરોડીયાના વતની રવિન્દ્રકુમાર છોટેલાલસીંગ મોજીસાવને ત્યાં અટકી ગયો હતો. ત્યારબાદ પોલીસે ગુનેગારને શોધી કાઢવા માટે ત્યાં હાજર સાત જણાંને ભા રાખ્યાં હતા. તેમાંથી ડોગ હેન્ડલરે ડોગ દ્વારા ઓળખ કરાવતાં ડોગે આરોપી રવિન્દ્રકુમારની પાસે જઇને ભો રહીને ભસવાં લાગ્યો હતો. આ પછી પોલીસે તેની પૂછપરછ કરતાં તે ભાંગી પડયો હતો અને તેણે જ છ વર્ષની બાળાની હત્યા કર્યાનું સ્વીકાર્યું હતું.

# બૈસાખી મેળા માટે પાકિસ્તાને ૬,૭૫૧ ભારતીયોને આપ્યા વિઝા

નવીદિલ્હી, તા. ૧૧

સંસ્કૃતિ અને લોકવાયકાના ઉત્સવમાં, ગુરુવારે વાઘા બોર્ડર દ્વારા ૬,૭૦૦ થી વધુ શીખ યાત્રાળુઓ ભારતથી પાકિસ્તાન પહોંચ્યા, જ્યાં તેઓ બૈસાખી મેળાના ઉત્સવમાં હાજરી આપવા અને ખાલસા પંથની ઉજવણી કરવા માટે પહોંચ્યા. ૫૦ વર્ષમાં આ પહેલી વાર છે જ્યારે પાકિસ્તાન સરકારે ભારતીય શીખ યાત્રાળુઓને ૬,૭૫૧ વિઝા આપ્યા છે. પાકિસ્તાનના ધાર્મિક બાબતોના મંત્રાલય અને ઇવેક્યુ ટ્રસ્ટ પ્રોપર્ટી બોર્ડ (ઊઝઙ્ઢ) ની ચોક્કસ વિનંતી પર પાકિસ્તાન સરકારે ૩,૭૫૧ વધારાના વિઝા મંજૂર કર્યા. સામાન્ય રીતે, ૧૯૭૪ના પાકિસ્તાન-ભારત ધાર્મિક પ્રોટોકોલ કરાર હેઠળ કોઈપણ ધાર્મિક તહેવાર માટે ૩,૦૦૦ શીખ યાત્રાળુઓને પાકિસ્તાનની મુલાકાત લેવાની મંજૂરી આપવામાં આવે છે. વૈશાખીનો તહેવાર શીખ નવા




વર્ષને ચિહ્નિત કરે છે અને ગુરુ ગોવિંદ સિંહના નેતૃત્વમાં ખાલસા પંથ (સંત-યોદ્ધાઓ) ની રચનાની યાદમાં ઉજવવામાં આવે છે. મુખ્ય સમારોહ ૧૪ એપ્રિલે ગુરુદ્વારા જન્મસ્થાન નનકાના સાહિબ ખાતે યોજાશે. મુખ્ય કાર્યક્રમ ૧૪ એપ્રિલના રોજ શીખ ધર્મના સ્થાપક ગુરુ નાનકના જન્મસ્થળ પર સ્થિત એક આદરણીય ગુરુદ્વારા, ગુરુદ્વારા જન્મ અસ્થાન નનકાના સાહિબ ખાતે યોજાશે.

આ તીર્થસ્થળ પાકિસ્તાનના પંજાબમાં નાનકાના સાહિબમાં આવેલું છે. પાકિસ્તાન સરકારે આ તહેવાર માટે ભારતીય શીખ યાત્રાળુઓને ૬,૭૫૧ વિઝા જારી કર્યા છે. પચાસ વર્ષમાં પાકિસ્તાનમાં વૈશાખીની ઉજવણી કરતા શીખ યાત્રાળુઓની આ સૌથી વધુ સંખ્યા છે. ૧૯૭૪ના પાકિસ્તાન-ભારત ધાર્મિક પ્રોટોકોલ કરાર હેઠળ, કોઈપણ ધાર્મિક તહેવાર માટે ૩,૦૦૦ જેટલા શીખ યાત્રાળુઓને પાકિસ્તાનની મુલાકાત લેવાની મંજૂરી છે. જોકે, પાકિસ્તાન સરકારે ધાર્મિક બાબતોના મંત્રાલય અને ઇવેક્યુ ટ્રસ્ટ પ્રોપર્ટી બોર્ડની ખાસ વિનંતી પર ૩,૭૫૧ વધારાના વિઝા મંજૂર કર્યા છે. ''આ શ્રદ્ધાળુઓ અમૃતસર, હરિયાણા, ઉત્તર પ્રદેશ, દિલ્હી અને અન્ય ૧૧ ભારતીય રાજ્યોમાંથી પાકિસ્તાન પહોંચ્યા છે. વિશ્વભરના શીખો અહીં આવવા માંગે છે કારણ કે તેમને અહીં અપાર આદર અને સન્માન મળે છે,'' શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક સમિતિના જૂથના નેતા વિંદર સિંહ ખાલસાએ જણાવ્યું.

# પરિવહન કરતા શહેરીજનો માટે ORSની વ્યવસ્થા

### કુલ ૮૦ રૂટ પર ૧૦૦ CNG તથા ૧૨૪ ઈ-બસ એમ કુલ-૨૨૪ બસ દ્વારા પરિવહન સેવા પુરી પાડવામાં આવી

રાજકોટ, તા. ૧૧

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અસહ્ય ગરમી અને તડકાની પરિસ્થિતિને પગલે પરિવહન કરતા શહેરીજનો માટે તમામ BRTS બસ શેલ્ટર્સ તથા તમામ સિટી બસમાં પીવાના પાણીના જગ તેમજ ORSની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવી. એટલુજ નહીં રાજકોટ મહાનગરપાલિકાના મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, મ્યુનિસિપલ કમિશનર, શાસક પક્ષ નેતા અને શાસક પક્ષ દંડકે જણાવ્યું હતું.

રાજકોટ શહેરના લોકોને શહેરી પરીવહન સેવા પુરી પાડવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સિટી બસ સેવા તથા બી.આર.ટી.એસ. બસ સેવા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જેનું સંચાલન રાજકોટ મહાનગરપાલિકાની કંપની, રાજકોટ રાજપથ લી. (SPV) દ્વારા કરવામાં આવી રહેલ છે.

જે સબબ કુલ ૮૦ રૂટ પર ૧૦૦ CNG તથા ૧૨૪ ઇ-બસ એમ કુલ-૨૨૪ બસ દ્વારા પરિવહન સેવા પુરી પાડવામાં આવી રહેલ છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અસહ્ય ગરમી અને તડકાની પરિસ્થિતિને પગલે પરિવહન કરતા શહેરીજનો માટે તમામ BRTS બસ શેલ્ટર્સ તથા તમામ સિટી બસમાં પીવાના પાણીના જગ તેમજ ORSની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવી છે તેમ, રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ અને શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયાએ સંયુક્ત યાદીમાં જણાવ્યું હતું.

હાલમાં ઓરેન્જ એલર્ટની પરિસ્થિતિને ધ્યાને લઇ જાહેર પરિવહન સેવાના મુસાફરોને અસહ્ય ગરમીમાં રાહત મળે તે હેતુથી તમામ BRTS બસ શેલ્ટર્સ પર એર કુલર મુકવામાં આવ્યા છે

ઉપરાંત પીવાના પાણીના જગ તેમજ ORS મુકવામાં આવેલ છે. તમામ સીટી બસમાં પીવાના પાણીના જગ તેમજ ORS પણ મુકવામાં આવેલ છે. આ ઉપરાંત ત્રિકોણબાગ ખાતેના સીટી બસ કંટ્રોલરૂમ ખાતે પણ ORS થતા પીવાના પાણીના જગ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

# ચારધામ યાત્રામાં શ્રદ્ધાળુઓની સંખ્યા પર નિયંત્રણ લાદવું જરૂરી

### ભીડ વ્યવસ્થાપનનો પડકાર વધારી શકે : 30 એપ્રિલથી શરૂ થશે ચારધામ યાત્રા

નવીદિલ્હી, તા. ૧૧

સોશિયલ ડેવલપમેન્ટ ફોર કોમ્યુનિટી (જઉઈ) ફાઉન્ડેશને રાજ્ય સરકારને સૂચન કર્યું કે ચારધામ યાત્રા દરમિયાન, ધામોની વહન ક્ષમતાના આધારે દરરોજ દર્શન માટે આવનારા યાત્રાળુઓની સંખ્યા નક્કી કરવી જરૂરી છે. યાત્રાળુઓની સંખ્યા પર નિયંત્રણનો અભાવ ધાર્મિક સ્થળોએ ભીડ વ્યવસ્થાપનનો પડકાર વધારી શકે છે. જઉઈ ફાઉન્ડેશનના સ્થાપક અનૂપ નૌટિયાલે પાછલી યાત્રાના વિશ્લેષણ અહેવાલને ટાંકીને જણાવ્યું હતું કે રાજ્ય સરકારે આગામી ચારધામ યાત્રામાં દરેક યાત્રાળુને ધામોની મુલાકાત લેવાની મંજૂરી આપવાનો નિર્ણય લીધો છે. દર વર્ષે યાત્રાનું કદ ખૂબ જ વધી રહ્યું છે. આ વખતે પણ ગયા વર્ષ કરતા વધુ યાત્રાળુઓ આવવાની શક્યતા છે.

આવી સ્થિતિમાં, ધાર્મિક સ્થળોએ મોટી ભીડ એકઠી થવાની અને અંધાધૂંધી થવાની પ્રબળ સંભાવના છે. જઉઈ ફાઉન્ડેશને ૨૦૨૪માં ચારધામ યાત્રા પર એક વિગતવાર



અહેવાલ બહાર પાડ્યો હતો. આમાં, ૧૯૨ દિવસની મુસાફરીમાં આવનારા મુસાફરોની સંખ્યાનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. સમગ્ર યાત્રા દરમિયાન ૪૮ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ ચારધામની સાથે હેમકુંડ સાહિબના દર્શન કર્યા હતા. આમાં, યાત્રાના પહેલા મહિનામાં ૪૧ ટકા ભક્તો ચારધામ પહોંચ્યા. જ્યારે બાકીના પાંચ મહિનામાં મુસાફરોની સંખ્યા ૫૯ ટકા રહી.

અનૂપ નૌટિયાલે પ્રશ્ન ઉઠાવ્યો કે જો યાત્રાળુઓની સંખ્યા પર કોઈ મર્યાદા નક્કી કરવામાં આવી નથી, તો પછી સ્લોટ બુક કરાવવાનો અર્થ શું હોઈ શકે? બધાને જવા દેવાનો અર્થ એ છે કે બધાનું રજીસ્ટ્રેશન કરાવવું જોઈતું હતું, પરંતુ એવું થઈ રહ્યું નથી. મુસાફરી નોંધણી અંગે મૂંઝવણ છે. સરકારે મંદિરોની ક્ષમતાના આધારે યાત્રાળુઓની સંખ્યા નક્કી કરવાની જરૂર છે. ચારધામ યાત્રા ૩૦ એપ્રિલ, ૨૦૨૫ થી શરૂ થશે, જ્યારે યમુનોત્રી અને ગંગોત્રી ધામના દરવાજા ખુલશે. કેદારનાથ ધામના દરવાજા ૨ મેના રોજ ભક્તો માટે ખોલવામાં આવશે, બદ્રીનાથ ધામના દરવાજા ૪ મેના રોજ ખોલવામાં આવશે અને હેમકુંડ સાહિબના દરવાજા ૨૫ મેના રોજ ખોલવામાં આવશે. સ્થાનિક વહીવટીતંત્ર, પ્રવાસન વિભાગ અને અન્ય વિભાગો સાથે મળીને મુસાફરીની વ્યવસ્થા કરી રહ્યા છે. સરકારે મુસાફરીના માર્ગો પર સુવિધાઓ માટે ૧૨ કરોડ ૭૫ લાખ રૂપિયાની રકમ ફાળવી છે. આમાં, ગઢવાલ ડિવિઝનલ કમિશનરને ૨૫ લાખ રૂપિયા, હરિદ્વાર, ટિહરી અને દેહરાદૂનના જિલ્લા મેજિસ્ટ્રેટને ૧ કરોડ રૂપિયા, જિલ્લા મેજિસ્ટ્રેટ પૌડીને ૫૦ લાખ રૂપિયા, ચમોલી, ઉત્તરકાશી અને રુદ્રપ્રયાગના જિલ્લા મેજિસ્ટ્રેટને ૩ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. આ રકમથી, રૂટ પર પાણી, શૌચાલય, આરોગ્ય સેવાઓ અને અન્ય જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં આવશે.

શ્રી જીવરાજ શરાફી સહકારી મંડળી લી. રાજકોટ
શ્રી ગોપીનાથ કોમ્પ્લેક્ષ, ગાયત્રીનગર મેઈન રોડ, રાજકોટ. મો. : ૯૭૩૭૩ ૨૬૯૦૦
વિશ્વાસ નો સાથ
કલાર્ક તથા સબ સ્ટાફ માટે ભરતી
ઉંમર મર્યાદા : ૨૨ વર્ષ થી ૪૦ વર્ષ સુધીની રહેશે
કલાર્ક જગ્યા ૬
ગ્રેજ્યુએટ તથા પોસ્ટ ગ્રેજ્યુએટ
સબ સ્ટાફ જગ્યા ૧૦
લેડીઝ-૫, જેન્ટસ-૫ ૯ પાસ
બેંકીંગ ક્ષેત્ર તથા મંડળીઓના અનુભવીને પ્રાથમિકતા આપવામાં આવશે
અરજી સાથે રૂબરૂ મળો :
તા. ૧૪-૦૪-૨૦૨૫, સોમવાર સવારે ૯-૩૦ કલાકે થી
ઇન્ટરવ્યુ દરમ્યાન તમામ ડોકયુમેન્ટ સાથે લાવવા જરૂરી
જીતેન્દ્ર સી. સોલંકી — સી.ઇ.ઓ.
અશોકભાઈ સોલંકી — ચેરમેનશ્રી
તેજસભાઈ ગાંગાણી — મેનેજીંગ ડીરેક્ટર
શ્રી જીવરાજ શરાફી સ.મં.લી.
Sale

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# તુમ રક્ષક કાહુ કો ડરના

## હનુમાનજીના ભક્તો પારાવાર પણ લાયકાતવાળાં કેટલા ?



''ઓમ હં હનુમંતે નમઃ

જ્ઞાન-ગુણ સાગર અને અતુલિત બળધારી હનુમાનજી મહારાજનો આજે પ્રાગટ્યોત્સવ છે. સર્વત્ર ઉજવણીની ધૂમ મચી છે. ગામે-ગામ અસંખ્ય કાર્યક્રમોના આયોજનો થયા છે. હનુમાનજીના ભક્તોમાં ઉત્સાહની આંધી છવાઈ છે.

એક સર્વે પ્રમાણે સૌથી વધારે લોકપ્રિય દેવ હનુમાનજી મહારાજ છે. હનુમાનજી વ્યાપક પણ છે. ગામે-ગામ દરેક વિસ્તારમાં સામાન્ય દેરીથી માંડીને ભવ્ય મંદિરોમાં હનુમાનજીના બેસણા છે.

સનાતન લગભગ દરેક સંપ્રદાયોમાં હનુમાનજી અજરામર દેવ છે. જો કે શાસ્ત્રો-કથાઓ પ્રમાણે કપિ મહારાજ સર્વોત્તમ ભક્ત છે. ભગવાન શ્રી રામચંદ્રજી મહારાજની શ્રેષ્ઠત્તમ ભક્તિ કરીને રામભક્ત તરીકે ઓળખાયા છે. વર્તમાન સમયમાં હનુમાનજીના ભક્તોના દરિયા ઘૂઘવે છે, પણ સવાલ એ છે કે લાયકાતવાળા ભક્તો કેટલા ? હનુમાનજીને પગે લાગવાથી કે તેલ ચઢાવી દેવાથી ભક્ત નથી બનાતું, ભક્તિભાવ હનુમાનજી પાસેથી જ શીખવા જેવી છે.

વૃત્તિ નબળી હોય તો ભક્તિ ક્યારેય સબળી થતી નથી. હનુમાનજી બળ-તાકાતનું પ્રતિક છે. નમાલાપણાથી હનુમાનજીની ભક્તિ થઇ શક્તિ નથી. હનુમાનજી ગુણોનો સાગર છે. અવગુણ ધરાવનારા પોતાને હનુમાનજીના ભક્ત ગણાવે તે તેનો ભ્રમ છે. હનુમાનજી નિર્ભય છે, તેનો ભક્ત ભયભીત રહે તો ભક્તિમાં શ્રદ્ધાની અછત ગણાય. તુમ રક્ષક કાહુકો ડરના...અંતર શુદ્ધ અને સાચું હોય તો હનુમાનજીના ભક્તે કોઇથી ફાટી પડવાની જરૂર નથી. હનુમાનજીની ભક્તિ અને ભય બંને સાથે સંભવ નથી.

હનુમાનજી ચરિત્ર વાંચો તો ખ્યાલ આવશે કે કપિરાજ માત્ર ભક્ત નથી. અષ્ટ સિદ્ધિ નવ નિધિના દાતા છે. આધ્યાત્મિક શાસ્ત્રો પ્રમાણે આણીમાં, મહિમા, ગરિમા, લાઘીમાં, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ અને વશિત્વ એ તમામ સિદ્ધિઓ હનુમાનજી પાસે છે. કોઈ પણ સિદ્ધિ મફતમાં મળતી નથી. આ માટે ગહન સાધનાઓ કરવી પડે. હનુમાનજીના ભક્તમાં આ સમાજ અને આવો ધ્યેય પણ હોવો જોઈએ.

હનુમંતતત્વને જાણવું અને વર્ણવવું કઠીન છે. તાજેતરમાં અમદાવાદના એક અભ્યાસુ સાધીકાએ હનુમંત તત્વ પર પીએચડી કર્યું છે. હનુમાનજીને પામવા પણ કઠીન છે. શ્રી રામના ચરણોમાં દાસ બનીને રહેતા આ કપિરાજ જરૂરત પડ્યે લંકાદહન કરવાની પણ તાકાત ધરાવે છે. લંકાપતિ રાવણ સામાન્ય ન હતા. ગ્રહો, દેવતાઓ પણ તેના કાબૂમાં હતા. કલ્પના કરો, તેમની લંકાને દહન કરનાર કેવા પ્રતાપી હશે ?

હનુમાન ભક્ત હોવાની ફેશન બની ગઈ છે. હનુમાનજીની ભક્તિની તાકાતથી પથ્થરા પણ તરી જતા હતા. આપણે ભક્તિમાં ખુદ પર તરી શકતા નથી. હનુમાનજીનો એકાદ ગુણ આત્મસાત કરો તો પણ ઉત્તમ ભક્ત બની શકાય.


।। પ્રેમભકિતના હસ્તાક્ષરે ।।

विचारों को वश में रखिये
"वो तुम्हारें शब्द बनेंगे"
शब्दों को वश में रखिये
"वो आप के कर्म बनेंगे"
कर्मों को वश में रखिये
"वो आप की आदत बनेंगे"
आदतों को वश में रखिये
"वो आप का चरित्र बनेगा"
चरित्र को वश में रखिये
"वो आप का आभूषण बन जायेगा ।।



शास्त्री भक्तिप्रकाश दासजी
श्री स्वामिनारायण सनातन आश्रम मेंदरडा / खीरसरा

પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક)
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા


# અમદાવાદ અધિવેશન બાદ ગુજરાતમાં કોંગ્રેસ થઈ શકશે બેઠી?




**અમદાવાદ અધિવેશનમાં ખડગે અને રાહુલ ગાંધી દ્વારા કેટલાક મહત્વના મુદ્દાઓ ઉઠાવાયા અને હતાશ કોંગ્રેસીઓમાં ઉત્સાહ પૂરવાનો પ્રયત્ન તો કર્યો. કેટલાક સંગઠનાત્મક બદલાવ પણ શરૂ થયા છે. ખાટલે મોટી ખોડ એ છે કે, ગુજરાતમાં કોંગ્રેસ પાસે પ્રભાવી ચહેરો નથી અને ભાજપની સંગઠન તાકાત સામે લડવાની વ્યવસ્થા નથી. એમાં બદલાવ આવશે ખરો ?**

ગુજરાતમાં ૧૯૯૫થી કોંગ્રેસ સત્તાથી વંચિત છે અને ૨૦૨૭ની ધારાસભાની ચૂંટણીને હવે માત્ર અઢી વર્ષની વાર છે ત્યારે અમદાવાદમાં ૬૪ વર્ષ બાદ કોંગ્રેસનું મહા અધિવેશન યોજાય એ એક રાજકીય ઘટના ગણાવી શકાય. પણ એની નોંધ મીડીયાએ લેવાવી જોઈએ એવી કેમ ના લીધી? ભાજપનું આવું કોઈ અધિવેશન જો ગુજરાતમાં યોજાય તો મીડિયા કવરેજ ઘણું વધુ હોત. આ વાત ભાજપનો પ્રભાવ કેવો છે એની સાબિતી આપે છે. કોંગ્રેસે આ દેશ પર છ દાયકા શાસન કર્યું એ સાચું પણ આજે એની હાલત બદતર છે એ ય વાસ્તવિકતા છે એનો સ્વીકાર કરવામાં કોંગ્રેસમાં હિચકીચાટ જોવા મળી રહ્યો છે. સમસ્યાનો સ્વીકાર ના કરો ત્યાં સુધી સમાધાન મળતું નથી એવી સાવ સાદીસીધી વાત કોંગ્રેસના ગળે કેમ ઊતરતી નથી? એ પ્રશ્નનો જવાબ કોંગ્રેસના દરેક નેતાએ મેળવવાની જરૂર છે.

અમદાવાદ અધિવેશનમાં કેટલાક નોંધપાત્ર પ્રવચનો થયા. નુતન ગુજરાત, નુતન કોંગ્રેસ એવું સૂત્ર અપાયું. અને ગુજરાત ધારાસભા ચૂંટણી માટે ઠરાવ થયો. સ્થાનિક મુદ્દાઓ જેવા કે ખેડૂતો, નાના-મધ્યમ ઉદ્યોગો, શિક્ષણ, અને આરોગ્ય પર ધ્યાન આપવાનો ઈરાદો વ્યક્ત કર્યો. પરંતુ આ રણનીતિ જમીની સ્તરે કેટલી અસરકારક રીતે અમલમાં આવે છે, એ મહત્વનું રહેશે.

ગુજરાતમાં કોંગ્રેસ ૧૯૯૫થી સત્તાથી દૂર છે, અને ભાજપે અહીં મજબૂત પકડ જાળવી રાખી છે. ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસની સ્થિતિ તળીયે પહોચી. અને એમાં ય પાછળથી ગાબડા પડ્યા. હા, એટલું ચોક્કસ કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં બનાસકાંઠામાં એક બેઠક જીતીને કોંગ્રેસે થોડી આશા જગાવી, પરંતુ ભાજપનું વર્ચસ્વ તોડવું હજુ પડકારજનક છે. કારણ છે ભાજપની સંગઠનાંમક તાકાત. અધિવેશનમાં જિલ્લા એકમોને વધુ સત્તા આપવા અને સ્થાનિક નેતૃત્વને મજબૂત કરવાની વાત થઈ, જે સંગઠનને ફરીથી જાગૃત કરવાનો પ્રયાસ દર્શાવે છે. જો કે, ગુજરાતમાં કોંગ્રેસનો કાર્યકર્તા આધાર નબળો રહ્યો છે, એમાં આમ આદમી પાર્ટીની એન્ટ્રીએ તેના મતોમાં ઘટાડો કર્યો છે. અને એટલે જ રાહુલ ગાંધીએ ગુજરાતમાં કોંગ્રેસનો વોટ શેર વધારવાની વાત કરી. પણ આપ સાથે સહયોગ કરશે કે એકલા હાથે ચૂંટણી લડશે એની કોઈ સ્પષ્ટતા થઈ નથી. અને બંને પક્ષે આવા અસહયોગના કારણે હરિયાણા અને દિલ્હીમાં સત્તા ખોઈ છે.

ગુજરાતમાં અધિવેશન યોજાયું એ સારું પગલું રહ્યું. મહાત્મા ગાંધી અને સરદાર પટેલની ભૂમિમાં યોજાય એ ઐતિહાસિક અને ભાવનાત્મક રીતે મહત્વનું હતું. સાબરમતી નદીના કિનારે આયોજિત આ કાર્યક્રમથી કોંગ્રેસે પોતાની ઐતિહાસિક ભૂમિકા યાદ અપાવવાનો પ્રયાસ કર્યો. પરંતુ ગુજરાતના મતદારો આજે વિકાસ, રોજગાર, અને સ્થાનિક મુદ્દાઓ પર વધુ દયાન આપે છે, જેનો લાભ ભાજપને મળતો રહ્યો છે. એ કોંગ્રેસે ભૂલવું ના જોઈએ.

ગુજરાત કોંગ્રેસમાં સૌથી મોટો પ્રશ્ન ચહેરાનો છે. રાહુલ ગાંધી, સોનિયા ગાંધી,

ખબર ની KHABAR

કૌશિક મહેતા

અને મલ્લિકાર્જુન ખડગે જેવા નેતાઓની હાજરીથી અધિવેશનને વજન મળ્યું, પરંતુ પ્રિયંકા ગાંધીની ગેરહાજરી નોંધપાત્ર હતી. પણ ગુજરાતમાં ચહેરો કોણ? એ પ્રશ્નનો જવાબ આપવામાં કોંગ્રેસ હંમેશા નિષ્ફળ રહી છે. સંગઠનમાં કેટલાક ફેરફાર કર્યા છે એ આવકાર્ય છે. જીલ્લા કક્ષાએ વધુ સત્તા આપવાની વાત પણ આવકાર્ય છે. પણ કોંગ્રેસના કાર્યકર્તામાં હતાશા છે, નિરાશા છે એ દૂર કરવા માટે શું કરવાનું છે એ કહેવાયું નથી. ગુજરાતમાં ભાજપ વિરુદ્ધ મુદાઓનો પાર નથી પણ એ મુદા કોંગ્રેસ લોકોની અદાલતમાં અસરકારક રીતે લઈ જવામાં સફળ થઈ નથી. આ સ્થિતિમાં રાહુલ ગાંધીએ ઓબીસીની વાત કરી છે એ બહુ મહત્વ ધરાવે છે.

ગુજરાતમાં વર્ષો સુધી પટેલોનું વર્ચસ્વ રહ્યું હતું. પહેલા પટેલો કોંગ્રેસ સાથે હતા પણ કેશુભાઈ પટેલની નેતાગીરીમાં એ ભાજપ તરફ ઝુક્યા. પણ મોદીએ એ વર્ચસ્વ તોડી અને ઓબીસીની રાજનીતિ ચલાવી અને એમાં સફળ રહ્યા. પરિણામે કોંગ્રેસની મતોની બેંક હતી એ તૂટી. કુંવરજી બાવળીયા જેવા કોળી નેતા ભાજપમાં જતા રહ્યા જે આજે મંત્રી છે. આવા દાખલાઓનો પાર નથી.

ગુજરાતમાં ભાજપે ઓબીસી સમુદાયો, ખાસ કરીને કોળી, ચૌધરી જેવા જૂથોમાં મજબૂત પકડ બનાવી છે, જે ભાજપની સફળતાનું એક મુખ્ય કારણ રહ્યું છે. રાહુલ ગાંધીની ઓબીસી-કેન્દ્રિત રાજનીતિ ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં, જ્યાં ઓબીસી વસ્તી મોટી છે, ભાજપના આધારને નબળો પાડી શકે છે.

જો કે, ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસનું નબળું પ્રદર્શન (૧૭ બેઠકો) દર્શાવે છે કે ઓબીસી વોટ બેંકને ફરીથી જીતવા માટે સંગઠનાત્મક મજબૂતી અને વિશ્વસનીય સ્થાનિક નેતૃત્વની જરૂર છે.

આ સ્થિતિમાં રાહુલનું જાતિ ગણતરી અને આરક્ષણનું વચન ઓબીસી સમુદાયોમાં, ખાસ કરીને નાના અને ઓછા પ્રભાવશાળી જૂથોમાં, આશા જગાવી શકે છે, જેમને ભાજપની નીતિઓથી પૂરતો લાભ નથી મળ્યો. ગુજરાતમાં આપ અને ઓબીસી આધારિત નાના પક્ષો સાથે સંકલન કરીને કોંગ્રેસ ભાજપના મતોને વિભાજિત કરી શકે છે. ઓબીસી યુવાનોમાં રોજગાર અને શિક્ષણના મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાથી કોંગ્રેસ નવી ઊર્જા લાવી શકે છે. જોકે, ઓબીસી મતદારોને ખાતરી આપવા માટે નક્કર કાર્યયોજના અને સ્થાનિક નેતાઓની જરૂર છે.

અને ઓબીસી પર વધુ ધ્યાન આપવાથી બ્રાહ્મણ, દલિત, અથવા અલ્પસંખ્યકો જેવા અન્ય સમુદાયોમાં અસંતોષ થઈ શકે છે, જે કોંગ્રેસનો પરંપરાગત આધાર રહ્યા છે.

અલબત ગુજરાતમાં ઓબીસી-કેન્દ્રિત રણનીતિ ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં ફાયદો કરાવી શકે, ખાસ કરીને જો કોંગ્રેસ રોજગાર, શિક્ષણ, અને ખેતી જેવા મુદ્દાઓને ઓબીસીની આકાંક્ષાઓ સાથે જોડી શકે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં બનાસકાંઠામાં જીત દર્શાવે છે કે ઓબીસી-આદિવાસી વિસ્તારોમાં કોંગ્રેસ હજુ પણ સ્પર્ધાત્મક રહી શકે છે. જો આ રણનીતિ સ્થાનિક મુદ્દાઓ સાથે સંકલિત થાય, તો તે ભાજપના વર્ચસ્વને પડકારી શકે.

એટલે કે, રાહુલ ગાંધીની ઓબીસી રાજનીતિ પર ફોક્સની રણનીતિ ગુજરાતમાં કોંગ્રેસ માટે આશાસ્પદ હોઈ શકે, ખાસ કરીને જો તે ઓબીસી સમુદાયોની આર્થિક અને સામાજિક આકાંક્ષાઓને અસરકારક રીતે સંબોધે. પણ ભાજપની મજબૂત સંગઠનાત્મક હાજરી, કોંગ્રેસની આંતરિક નબળાઈઓ, અને અન્ય સમુદાયોનું સંતુલન જાળવવાની જરૂરિયાત આ રણનીતિની સફળતાને મર્યાદિત કરી શકે છે. લાંબા ગાળે, સ્થાનિક નેતૃત્વની મજબૂતી, જમીની કામગીરી, અને સ્પષ્ટ રણનીતિ નિર્ણાયક રહેશે.

સારી વાત એ છે કે, રાહુલે ગુજરાતમાં કોંગ્રેસને મજબૂત બનાવવા પોતે દોર હાથમાં લીધો છે. તા. ૧૫ એપ્રિલે ફરી એ ગુજરાતમાં આવવાના છે અને જીલ્લા પ્રમુખો સાથે સીધો સંવાદ કરવાના છે. અગાઉ આવી બેઠકો દિલ્હીમાં થઇ ચુકી છે. મધુસુદન મિસ્ત્રીને ફરી ગુજરાતનો હવાલો અપાયો છે. પ્રિયંકા ગંધની પણ ભૂમિકા રહેશે. પણ કોંગ્રેસને અહેમદ પટેલની ખોટ તો સાલે છે. એક એવો ગુજરાતનો નેતા દિલ્હીમાં હોવો જોઈએ જે ગુજરાત અને કેન્દ્રીય કોંગ્રેસ વચ્ચે સેતુ બની શકે. પણ રાહુલ પોતે જ ગુજરાતમાં આવતા રહેવાના છે એટલે ૨૦૨૭ની ચૂંટણી રસપ્રદ બને એવી શક્યતા નકારી શકાતી નથી. પણ કોંગ્રેસ માટે ગુજરાતમાં સત્તા મેળવવાનું સપનું તો સપનું જ રહેશે એવું અત્યારે લાગે છે. પણ ક્યાંકથી તો શરૂઆત કરવી જ પડશે.

# યુએસ આજથી ૧૨૫% સુધીનો ટેરિફ લાદશે ચીન

## આંતરરાષ્ટ્રીય અને આર્થિક વેપાર નિયમો, મૂળભૂત આર્થિક કાયદાઓ અને સામાન્ય સમજનું ગંભીર ઉલ્લંઘન

નવીદિલ્હી, તા. ૧૧.

સમાચાર એજન્સી રોઈટર્સે શુક્રવારે ચીનના નાણા મંત્રાલયને ટાંકીને જણાવ્યું હતું કે, બેઈજિંગ શનિવારથી યુએસ માલ પર ૧૨૫ ટકા સુધીનો ટેરિફ લાદશે, જે અગાઉ જાહેર કરાયેલ ૮૪ ટકાથી વધુ છે. ટ્રમ્પ વહીવટીતંત્રે ઘણા દેશો પર ૯૦ દિવસ માટે ટેરિફ સ્થગિત કરવાનો નિર્ણય લીધાના એક દિવસ પછી આ વાત સામે આવી છે, પરંતુ ચાલી રહેલા વેપાર યુદ્ધો વચ્ચે ચીન પર ૧૪૫ ટકા ટેરિફ લાદવામાં આવ્યો છે. ચીન પર અમેરિકન વહીવટીતંત્ર દ્વારા અસામાન્ય રીતે ઊંચા ટેરિફ લાદવાથી આંતરરાષ્ટ્રીય અને આર્થિક વેપાર નિયમો, મૂળભૂત આર્થિક કાયદાઓ અને સામાન્ય સમજનું ગંભીર ઉલ્લંઘન થાય છે અને તે એકપક્ષીય ગુંડાગીરી અને બળજબરીનું સંપૂર્ણ કૃત્ય છે. આ અઠવાડિયાની શરૂઆતમાં, વ્હાઇટ હાઉસે વિશ્વના બીજા ક્રમના અર્થતંત્ર અને યુએસ આયાતના બીજા ક્રમના સૌથી મોટા પ્રદાતા પર વધારાના ટેરિફ વધારા માટે દબાણ ચાલુ રાખ્યું હતું, જ્યારે ડઝનબંધ અન્ય દેશો પર લાદવામાં આવેલા મોટાભાગના ''પારસ્પરિક'' ટેરિફને મોકૂફ રાખ્યા હતા. નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે ચીને અમેરિકાને ''કહેવાતા 'પારસ્પરિક ટેરિફ' નાબૂદ કરવા અને તેની ખોટી પ્રથાઓને સંપૂર્ણપણે સુધારવા તરફ એક મોટું પગલું ભરવા'' વિનંતી કરી છે. અત્યાર સુધી, ટ્રમ્પના પારસ્પરિક ટેરિફનો બદલો લેનાર ચીન એકમાત્ર દેશ છે. વધુમાં, વિશ્વ વેપાર સંગઠનમાં ચીનના મિશને શુક્રવારે જણાવ્યું હતું કે તેણે યુએસ ટેરિફ સામે વેપાર સંસ્થામાં વધારાની ફરિયાદ નોંધાવી છે. ૧૦ એપ્રિલના રોજ, યુનાઇટેડ સ્ટેટ્સે એક એક્ઝિક્યુટિવ ઓર્ડર જારી કરીને ચીની ઉત્પાદનો પર કહેવાતા 'પારસ્પરિક ટેરિફ'માં વધુ વધારો કરવાની જાહેરાત કરી. વાણિજ્ય મંત્રાલયના પ્રવક્તાને ટાંકીને ચીનના મિશન નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ''ચીને યુનાઇટેડ સ્ટેટ્સના તાજેતરના ટેરિફ પગલાં સામે WTOમાં ફરિયાદ નોંધાવી છે.''

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# પ્રાસંગિક

## પવન પુત્ર એટલે કે હનુમાનજી જ છે, આપણી હયાતીનું મુખ્ય પ્રમાણ



હિન્દુસ્તાનની ધરતી પર વિવિધ દેવી-દેવતાઓને ઈશ્વર તરીકે સ્વીકારવામાં આવ્યાં છે, એમાં મુખ્યત્વે રામ, ક્રિષ્ન, શંકર અને દુર્ગાનાં સ્વરૂપો ઈશ્વર તરીકે પૂજાય છે. પરંતુ આ દેશમાં ગણેશ અને હનુમાનનેં એ પણ એટલું જ મહત્વ આપવામાં આવે છે. ચૈત્ર સુદ પૂનમનાં દિવસને આપણે ત્યાં હનુમાન જયંતી તરીકે ઉજવવામાં આવે છે, હનુમાનજી માનવીય જીવનનો મુખ્ય આધાર છે,અને હનુમાન એ અન્ય દેવી દેવતાઓની જેમ માત્ર કલ્પના કે અનુમાન નથી, પરંતુ પવન પુત્ર હોવાથી પ્રત્યક્ષ દેવ તરીકે સ્વીકાર્યા છે, અને હનુમાન જ છે આપણી હયાતીનું પ્રમાણ. પવન પુત્ર તરીકે જોઈએ તો હનુમાનજીનો પ્રકૃતિ સાથે સીધો સંબંધ છે, અને સૃષ્ટિ સર્જન માટે ઉપયોગી છે. આજકાલ તો હવે ગ્લોબલ વોર્મિંગને કારણે ઋતુ પ્રભાવ વધતો જાય છે, એટલે થોડું મુશ્કેલ છે,પણ બાકી ચૈત્રના તડકા સ્વાસ્થ્ય માટે પણ ખૂબ જ શુભકારી માનવામાં આવે છે, અને આખા વર્ષનું વિટામિન ડી સૂર્ય ઉપાસનાથી પ્રાપ્ત થાય છે. પ્રદૂષણને કારણે વાતાવરણમાં ઓક્સિજનની કમી પણ વરતાઈ રહી છે. પ્રત્યેક જણાએ હવે પોતાનું અસ્તિત્વ બચાવવાં માટે પ્રકૃતિ સન્મુખ થઈ આ સમસ્યાનું નિવારણ કરવું પડશે. જેમકે સૂર્ય પોતાનાં નિયત સમયે ઉદય પામે છે, અને નિયત સમયે અસ્ત પામે છે. ચંદ્ર પણ એકમથી પૂનમ, અને પૂનમથી એકમ એમ પોતાની નિશ્ચિત ધરી પર પરિભ્રમણ કરે છે. પૃથ્વી પણ ટાઢ, તડકો, વરસાદ બધું સહન કરી સંતુલન રાખીને પોતાની ધરી પર પરિભ્રમણ કરે છે, પવન નિયત વેગથી આપણી આસપાસ લહેરાય છે. પાણી પણ આપણને ઠંડક પ્રદાન કરીને તૃપ્ત કરે છે, આકાશ પણ છત બની આપણું રક્ષણ કરીને આપણને વિશાળતાથી સ્વીકારે છે, અને માનવી છે કે એને આ બધું દેખાતું નથી. પણ ક્યાં સુધી પ્રકૃતિ રુપે પવન આમ નિસ્વાર્થ પ્રેમ કરી શકશે? કારણ કે દિવસે ને દિવસે તેના અસ્તિત્વ પર પ્રદૂષણ રૂપી ઘા થતા રહે છે. ખેર છોડો! આજે હનુમાન જયંતી છે તો હનુમાન એ કેવળ અનુમાન નથી.

રામાયણની કથાથી સૌ કોઈ વાકેફ છે, અને હનુમાન ચરિત્રથી પણ વાકેફ છીએ. એટલે કે ત્રેતા યુગમાં જ્યારે ભગવાન શ્રી રામ સીતાજીની શોધ માટે ભટકતા હતાં, ત્યારે કિષકીન્ધામાં હનુમાન સાથે તેમનું મિલન થયું, અને હનુમાન એટલે કે જે કેસરીનંદન, અંજની સૂત અને પવનસુતના નામે ઓળખાય છે, તેમણે ભગવાન શ્રીરામના આ ભાગીરથ કાર્યમાં પોતાનો સહયોગ આપ્યો. હનુમાનજીએ ભગવાન રામને સાથ આપીને સીતાની શોધ કરી ,લંકા પર વિજય પ્રાપ્ત કરી, સીતાજીને પાછા મેળવ્યાં. મૂળ રીતે આ કથાનક છે, પરંતુ આપણે સૌ જાણીએ છીએ, તેમ હનુમાન એ શિવ અવતાર છે, અને રુદ્રના અગિયારમા અવતાર તરીકે તેને માનવામાં આવે છે. શંકરનાં ઈષ્ટદેવ ભગવાન શ્રીરામ છે, અને એ રીતે હનુમાન પોતાના ઈષ્ટદેવની સેવા સ્વીકારે છે. તેમને માતા સીતા તરફથી અજર-અમરના આશીર્વાદ પ્રાપ્ત થયા છે, અને જ્યારે રામ વિદાય લઈ રહ્યા હતાં, ત્યારે હનુમાનજીએ કહ્યું કે પૃથ્વી પર રામનામ જ્યાં સુધી રહેશે, ત્યાં સુધી પોતે પણ પૃથ્વી પર જ રહેશે, અને આમ તે આજે પણ અહીં વસે છે.

ભગવાન રામ ઈચ્છતા હતા કે ધરતી પર ભક્તિનો મહિમા વધે અને સૌ ભક્તિ તરફ વળે, એટલે હનુમાન દ્વારા પોતાના કરતાં પણ રામનામને વધુ મહત્વ અપાયું છે. હનુમાનજી જ્યારે સીતાજીની શોધ કરવાં માટે ગયાં, ત્યારે તેમણે સમુદ્ર લાઘ્યો હતો, એ વાત આપણે સૌ જાણીએ છીએ. હનુમાનજીના મનમાં અધર્મી રાવણના સકંજામાં સપડાયેલી સીતા મૈયાને છોડાવવાનો શુદ્ધ સંકલ્પ હતો, અને મુખમાં પોતાના ઈષ્ટદેવ રામનું નામ હતું. એટલે કે સત્ય અને સત્ય સાક્ષી બન્નેનું અનુગમન હતું, એટલે તેનામાં સમુદ્રને લાંઘી શકવાની શક્તિ હતી. જ્યારે ભગવાન શ્રીરામ લંકા પર વિજય પ્રાપ્ત કરવા સમુદ્ર કિનારે પહોંચ્યાં, તો તેમને સમુદ્ર પર સેતુ બાંધીને જવું પડ્યું. એટલે જ ભગવાન કરતાં ભગવાનના નામનો વધુ મહિમા ગવાયો છે, ભગવાન તત્વને પામવા માટે પણ ભગવાનના નામનો જ સહારો અતિ ઉત્તમ છે, અને એને કળિયુગમાં તો એક માત્ર સાધન બતાવાયું છે. આમ પણ રામ સુધી પહોંચવું હોય તો રામના દ્વારપાળ હનુમાન પાસે ગયા વગર ચાલતું નથી, અને હનુમંત સાધના થકી જ તેનાં હૃદયમાં બિરાજમાન રામ લક્ષ્મણ જાનકી સુધી પહોંચાય છે. હનુમાન શંકર સ્વરૂપ હોવાથી તેની સાધના પણ સીધી સાદી છે, એટલે કે હનુમાન ચાલીસાનો પાઠ કરવાથી આપણે તેની પ્રતીતિ કરી શકીએ છીએ. આપણી મલિનતા ઓછી થતી જાય છે, આપણી છાતી મજબૂત થતી જાય છે, એટલે કે સાહસ વૃત્તિ વધે છે. શક્તિ વધે છે, અને સત્યનુ અનુગમન કરવાની પૂર્ણ નિષ્ઠા પ્રબળ બને છે, એટલે જ હનુમાન એ કેવળ અનુમાન નથી પરંતુ એક પ્રત્યક્ષ દેવ છે.

આજકાલ સમાજમાં અધર્મની પરાકાષ્ઠા છે,અને ધર્મને નામે પણ બોલી લાગે છે. પરંતુ દુનિયા અને સંસાર છે ત્યાં આવું બધું તો રહેવાનુ જ. આપણે આપણા સત્યને વળગી રહેવાનું, કોઈ કહે એટલે કંઈ આપણે સત્ય છોડી થોડું દેવાય ?, આપણા આત્મોદ્ધાર કે આત્મકલ્યાણનું ન વિચારીએ, તો પણ પૃથ્વી પર રામનામ બની રહે એ માટે હનુમાનની મંત્ર ઉપાસના કે સાધના કરવી પડે, બને તો તંત્ર સાધનામાં જવું નહીં. આમ પણ હનુમાન એ પ્રાણ સંકટ હરનારા દેવ છે, તો જ્યારે જ્યારે કપરી પરિસ્થિતિ આવશે, ત્યારે એ આપણને સંભાળી લેશે, એ ભરોસા સાથે આપણે હનુમંત સાધના કરવાની છે, અને હનુમંત ચરિત્રને મુખ્ય ધરી પર રાખીને આ હિન્દુ રાષ્ટ્રનો, શ્રીરામનો જય ઘોષ કરવાનો છે. આપણી સંસ્કૃતિ આપણને આ જ શીખવી રહી છે, એટલે કે, સત્ય માટે જાગૃત થવું, સત્ય માટે શૂરવીર બનવું, કે સાહસ કરવું, સત્ય માટે સમર્પણ કરવું, કે સહન કરવું, અને સત્ય માટે બલિદાન આપવું, અને સત્ય માટે સત્ય નું જ સ્મરણ કરવું. તો ભગવાન શ્રી રામનું રામરાજ્ય બનાવવા માટે એમના પ્રિય ભક્ત હનુમાનની હનુમાન ચાલીસા જેવી સીધી સાદી સાધના કરતા રહીએ, અને આ રીતે રામ નામને વધુને વધુ શક્તિશાળી બનાવતા રહીએ, શ્રી રામરુપી સત્યને ફરી પ્રસ્થાપિત કરવા જાગૃત થવું પડશે, સાહસિક થવું પડશે,સહન કરવું પડશે, સમર્પણ કરવું પડશે,અને બલિદાન પણ દેવું પડશે, જેથી કરીને આવતીકાલે આ સંસ્કૃતિ ફરી પાછી વિશ્વ ઉજાગર થાય. તો આપણે સૌ રામરાજય માટે પ્રભુ શ્રીરામનું ચરિત્ર આત્મસાત કરવા માટે,કે રામનામને પ્રબળ બનાવવા હનુમંત સાધના કરતાં રહીએ, અને આ રીતે અનીતિના પ્રાણ સંકટથી પણ દૂર રહી શકીએ,તો પરિણામ મળી શકે.રાવણના વધ બાદ જ્યારે પ્રભુ શ્રીરામ સીતા સહિત અયોધ્યા પધાર્યા ત્યારબાદ તેમનો રાજ્યાભિષેક થયો, અને અયોધ્યામાં રામરાજ્ય સ્થપાયું જ્યાં રાયરંકનો ભેદ નહોતો, અને સૌને સમાન અધિકાર મળતાં હતાં.આવું રામરાજ્ય એ હંમેશા આપણું સ્વપન રહ્યું છે, અને સંસ્કૃતિ ને પુનઃ પ્રસ્થાપિત કરવા માટે એમના પ્રિય ભક્ત હનુમાનની હનુમાન ચાલીસા જેવી સીધી સાદી સાધના કરતા રહીએ. આ રીતે રામ નામને વધુને વધુ શક્તિશાળી બનાવતા રહીએ, શ્રી રામરુપી સત્યને ફરી પ્રસ્થાપિત કરવા જાગૃત થવું પડશે, સાહસિક થવું પડશે,સહન કરવું પડશે, સમર્પણ કરવું પડશે,અને બલિદાન પણ દેવું પડશે, જેથી કરીને આવતીકાલે આ સંસ્કૃતિ ફરી પાછી વિશ્વ ઉજાગર થાય. તો આપણે સૌ રામરાજય માટે પ્રભુ શ્રીરામનું ચરિત્ર આત્મસાત કરવા માટે,કે રામનામ ને પ્રબળ બનાવવા હનુમંત સાધના કરતાં રહીએ, અને આ રીતે અનીતિના પ્રાણ સંકટથી દૂર રહીએ તો જ હનુમાનજીનો તથા આપણો રામરાજ નો મનોરથ પુરો થાય. જય સીયારામ.

લી. ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### આવ તારું કરી નાંખુંઃ ગામને ગાળીયા પરોવી ગજવા ભરવાના વધુ ત્રણ કિસ્સા

# સુરતના હિરાના વેપારી સાથે ૪૦ લાખની ઠગાઇ

## એમોનીયા સલ્ફેટના ધંધામાં રોકાણના નામે મિત્ર જ મિત્રના સાડા છવ્વીસ લાખ ખાઇ ગયોઃ અન્ય કિસ્સામાં શેર બજારમાં રોકાણના નામે લાખો ઉસેડી લેનારી ટોળકીના દિલ્હીના ચાર ઠગ ઝડપાઇ ગયા

રાજકોટઃ ઠગાઇના કિસ્સા રોજબરોજ બનતા રહે છે. આ વચ્ચે વધુ આવી કેટલીક ઘટનાઓએ ચકચાર જગાવી છે. જેમાં હીરાના વેપારી સાથે વિશ્વાસ કેળવી બે વેપારીઓ ચાલીસેક લાખનું ફ્રોડ કરી ભાગી ગયા હતાં. બીજા કિસ્સામાં એમોનીયા સલ્ફેટના ધંધામાં રોકાણ કરવાથી ફાયદો થશે તેવુ કહી મિત્ર જ મિત્રના સાડા છવ્વીસ લાખ ખાઇ ગયો હતો. તો બીજી તરફ શેર બજારમાં રોકાણના નામે લોકોના લાખો ખંખેરી લેનારા દિલ્હીના ચાર ઠગોને ઝડપી લેવામાં સફળતા મળી હતી.

ફ્રોડની ઘટના પર નજર કરીએ તો સુરતના હીરા બજારમાં વેપારીઓ સાથે વિશ્વાસ પેદા કરી લાખો રૂપિયાની છેતરપીંડી કરનાર બે હીરા વેપારીને ઈકોનોમિક ક્રાઇમ સેલ પોલીસે ઝડપી પાડયા છે. આરોપીઓએ ફરિયાદી હીરા વેપારી પાસેથી પોલિશ્ડ ડાયમંડ (પ્રોસેસ કરેલા હીરા) ખરીદી તેના રૂપિયાની ચુકવણી કર્યા વિના ઓફિસ બંધ કરી નાસી જઇ ફરિયાદી સાથે રૂ. ૩૯,૬૫,૧૦૩ની છેતરપીંડી કરી હતી. ભાવનગર ખાતે હીરાના વેપાર સાથે સંકળાયેલા રહી સુરત શહેર ખાતે સને ૨૦૧૯ પછી પોતાનો હીરાનો વેપાર શરૂ કરનાર આરોપીઓએ પહેલાં ફરિયાદી સાથે વ્યવહાર શરૂ કર્યો હતો. વેપાર શરૂ કરવાના સમયગાળામાં વિશ્વાસ જીતવા માટે તેઓએ શરૂઆતમાં સાહેબી રીતે પેમેન્ટ કર્યું હતું. આ રીતે બે વાર ટ્રાન્ઝેકશન કર્યા પછી ફરીયાદીને વિશ્વાસમાં લેતાં તેઓએ વધુ માલ માંગ્યો હતો. જ્યારે ફરીયાદીએ પોતાને માલ આપ્યો હતો ત્યારે આરોપીઓએ વ્યાપારી નિયમો મુજબ નક્કી કરાયેલા સમયગાળા સુધી પૈસા ચૂકવવાના હતા.

પરંતુ આરોપીઓએ નક્કી કરેલા સમયગાળાની અંદર ચૂકવણી ન કરી અને વારંવાર ઉઘરાણી કરવા છતાં ટાળો-ટાળી કરતાં આખરે પોતાના દુકાન-ઓફિસ બંધ કરી નાસી ગયાં હતાં. આ ઘટના બાદ ફરિયાદીએ પોલીસ ફરિયાદ નોંધાવતા ક્રાઇમ બ્રાંચના ઇકોસેલ વિભાગે તપાસ હાથ ધરી હતી. પોલીસે આરોપીઓની શોધખોળ શરૂ કરતાં તેઓ સુરત શહેરમાં જુદી-જુદી જગ્યાએ રહેઠાણ રાખી છુપાઇ ગયા હતા. ઝડપાયેલા આરોપીઓમાં નરેશભાઈ હરજીભાઈ ગાબાણી (જીઓન સ્કેવેર, સીંગણપોર કોઝવે રોડ, કતારગામ, મૂળવતનેં ખોપાળા ગામ, જીલ્લોં બોટાદ) અને કાંતિભાઈ તળશીભાઈ ગાબાણી (રહેં નીલકંઠ હાઇટ્સ, પાલ, સુરત, મુળ વતનેં ખોપાળા ગામ, જીલ્લોં બોટાદ) શામેલ છે. આરોપીઓ સૌથી પહેલાં પોતાની ઓળખ ચા નામ ધરાવતા હીરા વેપારી તરીકે રજૂ કરતા હતા. તેઓ પહેલા વેપારીઓ સાથે વ્યવહાર શરૂ કરતા અને વિશ્વાસ જમાવતા હતા. પ્રારંભિક વ્યવહારમાં માલના પૈસા સમયસર ચૂકવી દેતાં વેપારીઓ પર વિશ્વાસ સ્થાપિત થઇ જતો હતો. ત્યારબાદ વધુ કિંમતનો હીરાનો માલ ખરીદી, નક્કી કરેલા સમયમાં પૈસા ચૂકવ્યા વગર ઓફિસ બંધ કરી નાસી જતા હતા.

બીજા કિસ્સામાં સુરતમાં હિન્દુસ્તાન કેમિકલ (સાઇનાઇડ) કંપનીમાંથી નીકળતા એમોનિયા સલ્ફેટ વેસ્ટના ધંધામાં રોકાણ કરીને સારો નફો કમાવી આપવાની લાલચ આપી મિત્ર સાથે રૂ.૨૬.૩૨ લાખની ઠગાઇ કરનાર સામે અડાજણ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. અડાજણ પાટિયા કચ્છુ-૪ એપાર્ટમેન્ટમાં રહેતા મો. અશરફ અખ્તરહુસેન




શેખ ગાર્ડન સિલ્ક મિલમાં એકાઉન્ટ વિભાગમાં નોકરી કરે છે. મુળ રાજસ્થાનના વતની અને ઓલપાડ અસનાબાદ મુરલી લેક સોસાયટીમાં રહેતા વિષ્ણુસિંહ ગીરીવરસિંહ શેખાવત તેને બાળપણનો મિત્ર છે. વિષ્ણુ અવાર નવાર વેસ્ટમાં ઈન્વેસ્ટ કરો તો ફાયદો થશે એમ કહેતો હતો.

શરૂઆતમાં મો. અસરફે રૂ. ૨ લાખ વિષ્ણુને રોકાણ માટે આપ્યા હતા. જેના નફો પેટે તેમને ૧૭,૨૦૦ પરત આપ્યા હતા.

જેથી વિશ્વાસ બેસી જતા મો.અસરફે તેના તથા તેની પત્નીના કુલ રૂ. ૪૦,૧૬,૮૫૩ આપ્યા હતા. જે પૈકીના રૂ.૧૩,૮૪,૪૫૦ નફો ગણાવીને પરત આપ્યા હતા. પરંતુ બાદમાં નફો કે તેમણે આપેલા બાકીના રૂ.૨૬,૩૨,૪૦૩ આપવા માટે વાયદા કરવામાં લાગ્યો હતો. આખરે મો.અસરફને તેની સાથે છેતરપિંડી થઇ હોવાનો અહેસાસ થતા અડાજણ પોલીસમાં વિષ્ણુ શેખાવતી વિરૂદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધાવ્યો હતો.

જ્યારે અન્ય કિસ્સામાં વડોદરામાં શેર માર્કેટમાં રોકાણના નામે લોકોને ખંખેરવા મામલે સાયબર ફ્રોડની ફરિયાદ નોંધાયા બાદ પોલીસે દિલ્હીથી ચાર આરોપીઓને દબોચી લીધા છે. ચારેય આરોપીના ચાર દિવસના રિમાન્ડ મેળવી વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી છે. સાયબર ક્રાઇમ પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદમાં ફરિયાદીને વ્હોટસએપ ગ્રુપમાં જોડવામાં આવ્યો હતો. જેમા શેર માર્કેટમાં રોકાણ અંગેની ટીપ્સ આપવામાં આવતી હતી. ત્યારબાદ તેઓને બનાવટી એપ્લિકેશન પર રજીસ્ટ્રેશન કરાવવામાં આવ્યું હતું. શરૂઆતમાં તેઓને ટ્રેડિંગ મારફતે બનાવટી એપ્લિકેશનમા નફો બતાવવામાં આવ્યો હતો જેથી તેઓ વિશ્વાસમાં આવ્યા હતા.

ત્યારબાદ રોકાણ કરવામાં આવ્યું હતું. બાદમાં અલગ અલગ કંપનીના શેર ખરીદવા તેમજ આઇપીઓ ખરીદવાના બહાને કુલ રૂપિયા ૧૫,૭૦,૦૦૧ ફરિયાદી પાસે અલગ અલગ બેંક એકાઉન્ટમાં જમા કરાવી બે લાખ ફરિયાદીના ખાતામાં પરત જમા કરાવી વિશ્વાસમાં લઇ બાકીના નાણા ફરિયાદીને પરત ન કરતા ફરિયાદીને પોતાની સાથે રૂપિયા ૧૩,૭૦,૦૦૧ની નાણાકીય છેતરપિંડી આચરી હોવાની ફરિયાદના આધારે સાયબર ક્રાઇમ પોલીસે તપાસ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

વડોદરા સાયબર ક્રાઇમ પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેકટર જે.ડી. પરમારના માર્ગદર્શન હેઠળ આ ગુન્હા સંદર્ભે તપાસ કરતા ટેકનીકલ અને હ્યુમન સોર્સીસની મદદથી તપાસ કરતા અને માહિતી મેળવતા આરોપીઓની દિલ્હીના હોવાનું સામે આવતા તાત્કાલિક ટીમ મોકલી તપાસ કરતા દિલ્હીથી એક ઓફિસમાંથી ચાર આરોપીની ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

આ કાર્યવાહીમાં આરોપી અર્પિતકુમાર વિજય ચૌધરી, દિપક નરેશ ઠાકુર, મોહિત તેજપાલસિંહ મધાન અને રાહુલ રાજેશ દલાલને ઝડપી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આમાં ત્રણ દિલ્હીના એક હરિયાણાનો વતની છે. આરોપી પાસેથી સાયબર ક્રાઇમ પોલીસે રૂપિયા ૫,૫૦,૦૦૦ રોકડ રકમ, ૨૪ ચેકબુક, ૦૫ લેપટોપ, ૨૪ મોબાઇલ,તેમજ ડેબિટ કાર્ડસ, વિવિધ કંપનીઓના ૧૧ સ્ટેમ્પ મળી આવ્યા છે. સાથે આરોપીને ટ્રાન્સફર કરાવેલ બે લાખ અંગેની વિગતો મળી આવી હતી. ઝડપાયેલ આરોપી પાસેથી મળી આવેલ ૨૪ ચેકબુકના બેંક ખાતાઓ વિરુદ્ધ ફ્દ્દચ્ભ પોર્ટલ પર ફૂલ ૭૬ ફરિયાદ નોંધાયેલ છે. ભોગ બનનાર દ્વારા ફેસબુક અથવા ઈન્સ્ટાગ્રામ, વ્હોટસએપ, ટેલીગ્રામ જેવા સોશિયલ મિડીયા પ્લેટફોર્મ પર શેરમાર્કેટ અંગેની લોભામણી એડ્સ પર ક્લિક કરવામાં આવે છે. ત્યારવાદ ઓને શેરમાર્કેટ ટિપ્સ અંગેના વ્હોટસએપ ગ્રુપમાં જોડાવવામાં આવે છે.

ત્યારબાદ ભોગ બનનારને વ્હોટસએપ, ટેલીગ્રામ ગ્રુપમાં મોબાઈલ એપ્લિકેશન દ્વારા તેમના ટ્રેડિંગ એકાઉન્ટમાં થતી લેણદેણ અને પ્રોફિટ દેખાડવામાં આવે છે આથી ભોગ બનનારને વિશ્વાસમાં આવી જાય છે. ત્યારબાદ તેઓને બનાવટી એપ્લિકેશન ડાઉનલોડ કરાવવામા આવે છે. જેમાં તેઓને શેર ખરીદવા તેમજ આઇપીઓ એલોટમેંટ માટે નાણા જમા કરવા જણાવવામાં આવે છે.

ત્યારબાદ ભોગ બનનારને નફા પેટે મોટી રકમ કમાવાની લાલચ આપીને ભોગ બનનાર પાસેથી તેઓ વતી ઈન્વેસ્ટમેન્ટ કરવાના બહાના હેઠળ રૂપિયા પડાવી લેવામાં આવે છે.

### માધાપર ચોકડી પાસે રહેતો મયુર છુંછાર દેણામાં ડુબી જતાં તેણે પોતાના ફિઝીયોથેરાપીસ્ટ મિત્ર ડો. અંકિત કાથરાણી અને સમર્પણ હોસ્પિટલના કર્મચારી સાથે મળી પ્લાન ઘડ્યો અને પોતાને પેરેલિસિસ એટેક આવી ગયો છે તેવા નકલી તબિબી રિપોર્ટ ઉભા કરી કલેઇમ મેળવવા પ્રોસીઝર કરીઃ પરંતુ તપાસ એજન્સીએ કાવતરુ નિષ્ફળ બનાવ્યું

# ૪૦ લાખનો વિમો પકવવા ગજબનાક કાવત્રુંઃ ભોપાળુ છતુ

## ગાંધીગ્રામ પોલીસે એફઆઇઆર દાખલ કરીઃ ડીસીપી બાંગરવા, એસીપી ભારાઇના માર્ગદર્શનમાં પીઆઇ મેઘાણી, પીએસઆઇ ગોહિલની ટીમે શરૂ કરી તપાસ

રાજકોટઃ ગામને કેવી રીતે મામા બનાવીને આપણા ખિસ્સા ગરમ કરવા એની રીત અમુક ગઠીયાઓ સારીપેટે જાણતાં હોય છે. અનેક આવા કારસ્તાનો ખુલતાં હોય છે. દરમિયાન શહેરના એક શખ્સે દેણું થઇ જતાં પોતાના ફિઝીયોથેરાપીસ્ટ ડોક્ટર મિત્રની મદદ લઇ કાવત્રુ ઘડી પોતાને પેરેલિસીસ એટેક આવી ગયો છે અને હાલત ખરાબ થઇ ગઇ છે તેવા ખોટા રિપોર્ટ ઉભા કરી તેના આધારે મેડીક્લેઇમ પકાવવાનું જબરૂ કારસ્તાન ઘડી કાઢતાં તેનો પર્દાફાશ થયો છે. ૪૦ લાખની પોલીસી મેળવવા તેણે ડોક્ટર મિત્ર અને સમર્પણ હોસ્પિટલના કર્મચારી સાથે મળી તબિબી સારવારના નકલી રિપોર્ટ, એમઆરઆઇના નકલી રિપોર્ટ ઉભા કરી લીધા હતાં. વીમો મંજુર કરાવવા પ્રોસીઝર કરી ત્યારે વીમા કંપની તરફથી એજન્સીના અધિકારીએ આ પોલીસી ખરી છે કે કેમ? તેની તપાસ કરતાં જ સમગ્ર ભોપાળુ ખુલ્લુ પડ્યું હતું.

એક જ દર્દીની બે અલગ અલગ ડોક્ટરે પેરેલિસિસની સારવાર કરી હોઇ અને એક ડોક્ટરે દર્દીને શરીરની જમણી બાજુ અને બીજાએ ડાબી બાજુ પેરેલિસીસની અસર છે એવુ લખ્યું હોઇ શંકા ઉપજતાં તપાસ શરૂ થઇ હતી. એજન્સીના અધિકારી રૂબરૂ દર્દીની તપાસ કરવા અમદાવાદથી રાજકોટ આવ્યા ત્યારે દર્દી અને ફિઝીયોથેરાપીસ્ટ ડોક્ટર સાથે હતાં. દર્દી ટેકા વગર ચાલી પણ શકતો નહોતો. ઉભો પણ રહી શકતો નહોતો એવુ બધુ એજન્સીના અધિકારીએ જોતાં વિડીયો ઉતાર્યો હતો. પણ શંકા ઉપજતાં ઘર બહાર ચાર કલાક વોચ રાખતાં આ જ દર્દી મોટરસાઇકલ હંકારીની નીકળ્યો હતો અને નજીકમાં આવેલી હોટલે જઇ ચા બનાવવાનું કામ કરવા માંડ્યો હતો. આ બધુ વિડીયોમાં ઉતારી તેની પોલ પકડી લેતાં તેણે આર્થિક દેણું થઇ જતાં વીમા પોલીસી પકાવવાનું કાવત્રુ ઘડ્યાનું કબુલ્યું હતું.

આ સમગ્ર ઘટનામાં ગાંધીગ્રામ પોલીસે અમદાવાદ પ્રહલાદનગર ગ્રીન એકર્સ ઇ-૫૦૩મા રહેતાં અને શ્યામલ ક્રોસ રોડ પર ફિનીક્સ એશ્યોરન્સ પ્રા.લિ. કંપનીઓ માટે થર્ડ પાર્ટી ચકાસણી એજન્સીમાં થર્ડ પાર્ટી વીમા ઓડિટીંગનું કામ કરતાં ડો. રશ્મિકાંત જયંતિલાલ પટેલની ફરિયાદ પરથી રાજકોટના જામનગર રોડ પર માધાપર ચોકડી પાસે વ્હોરા સોસાયટી પાસે એમ્પાયર-કેવલમ્ કિંગડમ-૨૦૨ ખાતે રહેતાં મયુર કરસનભાઇ છુછાંર નામના ત્રીસ વર્ષના યુવાન, તેના મિત્ર ફિઝીયોથેરાપીસ્ટ ડો. અંકિત હિતેષભાઇ કાથરાણી (રહે. માધાપર ચોકડી પાસે) તથા સમર્પણ હોસ્પિટલ રાજકોટના જવાબદાર કર્મચારી અને તપાસમાં ખુલે તેની સામે આઇપીસી મેડીક્લેઇમ પોલીસી પકવવા બોગસ દસ્તાવેજો ઉભા કરી ખોટા કાગળો રજૂ કરી રૂા. ૪૦ લાખનો વીમો પકાવી લેવાનું કાવત્રુ ઘડી છેતરપીંડી કરવાનો પ્રયાસ કર્યાની એફઆઇઆર દાખલ કરી હતી. ડો. રશ્મિકાંત પટેલે જણાવ્યું છે કે હું અમદાવાદની ફિનીક્સ એસ્યોરન્સ કંપનીમાં સ્થાપક અને એમડી તરીકે ફરજ બજાવુ છું. અમારી એજન્સી દસ વર્ષથી કાર્યરત છે.

તેમણે આગળ કહ્યું કે કોઇપણ વ્યક્તિ દ્વારા કોઇપણ કલેઇમ કરવામાં આવે ત્યારે અમે જે હકિકત સાચી છે કે કેમ? તે બાબતે ક્લેઇમના ડોક્યુમેન્ટની ખરાઇ તેમજ ક્લેઇમ કરનાર વ્યક્તિ, તેની આજુબાજુમાં રહેતાં વ્યક્તિઓ, હોસ્પિટલ, ડોક્ટરો, ડોક્ટરોની ડિગ્રી, લેબોરેટરીઓ, રિપોર્ટસ સહિતની તપાસ કરીએ છીએ. અમારી તપાસ દરમિયાન ક્લેઇમ બાબતે સંપુર્ણ ખાતરી થયા બાદ અમે જે તે વીમા કંપનીને રિપોર્ટ કરીએ છીએ. બાદમાં વીમા કંપની દાવો કરનાર વ્યક્તિને ક્લેઇમ ચુકવવો કે નહિ તેનો નિર્ણય લે છે. મારી પાસે આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડ જનરલ ઇન્સ્યુરન્સ કંપની વીરસાવરકર માર્ગ સિધ્ધી વિનાયક મંદિર પાસે પ્રભાદેવી મુંબઇનો છેલ્લા દસ વર્ષથી વીમા ક્લેઇમની ચકાસણીનો કોન્ટ્રાક્ટ છે.

વધુ વિગતો જણાવતાં ડો. પટેલે પોલીસ સમક્ષ કહ્યું હતું કે ગત ૬/૫/૨૪ના રોજ મને આઇસીઆઇસીઆઇ કંપની મુબઇ તરફથી એક દાવા માટે વેરીફીકેશન કરવા કહેવાયુ હતું. દાવેદારનું નામ, તેને કઇ બિમારી હતી? કઇ હોસ્પિટલમાં દાખલ થયેલ? તે સહિતની વિગતો મને ઇ-મેઇલથી અપાઇ હતી. જે જોતાં દર્દીનું નામ મયુર કરસનભાઇ છુંછાર (ઉ.વ.30) હતું અને તેમાં તેનું એડ્રેસ ૨૦૨-એમ્પાયર, કેવલમ કિંગડમ, વ્હોરા સોસાયટી, માધાપર ચોકડી રાજકોટનું હતું. તેણે વિમા પોલીસ નંબર અને દાવાની રકમ રૂા. ૪૦ લાખ સાથે આધારકાર્ડ, પાનકાર્ડ, પોલીસી કોપી, ક્લેઇમ કોપી, સી-કેવાયસી ફોર્મ, શ્રી સમર્પણ હોસ્પિટલ રાજકોટનું દર્દીનું ઇન્ડોર કેસ પેપર, રાજકોટ સિવિલ હોસ્પિટલ સહયોગ ઇમેજીંગ સેન્ટરમાં પેશન્ટે કરાવેલા એમઆરઆઇના રિપોર્ટ, સદ્ગુરૂ લેબોરેટરીના બ્લડ રિપોર્ટ, ડિસ્ચાર્જ સમરી, હોસ્પિટલનું તથા મેડિકલનું બિલ વગેરે સામેલ હતાં. દર્દીએ આ બધા રેકોર્ડ મુંબઇ ખાતે 30/૪/૨૪ના રોજ મોકલ્યા હતાં. આ બધા કાગળો મને તપાસ માટે મોકલાતાં મેં કાગળોનો અભ્યાસ કરતાં ખબર પડી હતી કે ડો. મનોજ સીડા (એમડી ફિજીશીયન) એ પોતાના કેસ પેપરમાં જણાવ્યું હતુ કે દર્દી મયુર છુંછારને શરીરમાં જમણી બાજુ પેરાલીસીસની અસર જોવા મળે છે.

પરંતુ શ્રી સમર્પણ હોસ્પિટલના કેસ પેપરમાં ચોક્કસ નિદાન લખેલુ નહોતું. તેમજ દર્દીએ એમઆરઆઇ રિપોર્ટ રાજકોટ સિવિલ હોસ્પિટલ સંકુલમાં આવેલા સહયોગ ઇમેજીંગ સેન્ટરમાં કરાવેલ હતો. ત્યાં કોઇ ઓપીડી થયાના કાગળો સામેલ નહોતાં. એમઆરઆઇ કરાયા બાદ દર્દીએ શ્રી સમર્પણ હોસ્પિટલમાં સારવાર લીધી હતી તથા ક્લેઇમ ડોક્યુમેન્ટમાં સામેલ સદ્ગુરૂ લેબોરેટરીના રિપોર્ટમાં સમય તા. ૧૭/૪/૨૪ના સવારે ૧૧:૪૩નો બતાવેલ હતો. જ્યારે સમર્પણ હોસ્પિટલમાં દર્દીનો દાખલનો સમય તા. ૧૭/૪/૨૪ના સાંજના ૭:૦૦ કલાકનો બતાવેલ. જેમાં ડો. મનોજ સીડાના કન્સલ્ટેશન પેપરમાં ડોક્ટર સાહેબે બ્લડ ટેસ્ટ પ્રીસ્ક્રીપ્શન સલાહ કરેલ છે. પરંતુ તે રિપોર્ટ સદ્ગુરૂ લેબોરેટરીમાં ૧૭/૪/૨૪ના સવારે ૧૧:૪૩ કલાકે થઇ ચુકયા હતાં. આથી મને વધુ શંકા ઉપજતી હતી. તેમજ દર્દી મયુર છુંછારનો એમઆરઆઇ રિપોર્ટ જોતાં તેમાં ડાબી બાજુ મગજમાં નસ બંધ થઇ અને સ્ટોકની અસર થયેલ છે તેમ જણાવેલ હોઇ અને રિપોર્ટની નીચે રેડીયોલોજીસ્ટની સહી છે પરંતુ સહી કરનાર રેડીયોલોજીસ્ટ ડોક્ટરનું નામ રિપોર્ટમાં લેખલુ નહોતું.




**એજન્સીના અધિકારી સામે લંગડાતો ચાલતો, ઉભો નહિ રહી શકતો મયુર શંકામાં આવતાં અધિકારીએ બહાર વોચ રાખતાં મયુર હોન્ડા લઇને રવાના થયો, અધિકારી પાછળ ગયા, થોડીવાર પછી મયુર હોટલે જઇ ચા બનાવવા લાગ્યોઃ આ બધાનો વિડીયો ઉતારી તેની સામે જઇ કહ્યું-તારી પોલ પકડાઇ ગઇ!**

જેથી વધુ શંકા ઉપજી હતી કે આ રિપોર્ટ ખોટા બનાવાયા છે. બાદ તા. ૩૧/૫/૨૪ના હું તથા ડો. રાજદિપ પરમાર દર્દી મયુર છુંછારના ઘરે તપાસ કરવા જવું હોઇ તેને ફોન કરી ત્યાં ગયા હતાં. મયુર છુંછાર ત્યારે લંગડાતો ઘરમાં ચાલતો હતો. તેની પુછપરછ કરતાં તેણે કહેલુ કે હું ક્રિકેટ રમતો હતો ત્યારે ચક્કર આવતાં મેં રાજકોટ સહયોગ ઇમેજીંગ સેન્ટરમાં એમઆરઆઇ કરાવેલ. બાદમાં સમર્પણ હોસ્પિટલમાં ત્રણ દિવસ દાખલ રહ્યો હતો. મને પેરાલિસીસની અસર છે અને હાલ આરામ કરવાની ડોક્ટરે સલાહ આપી છે જેથી હું ઘરે આરામ કરુ છું. તેના ઘરે એક વ્યક્તિ મયુરને પકડીને ચલાવતો હતો તેનો વિડીયો અમે ઉતાર્યો હતો. અમારે તપાસના જરૂરી ફોર્મ ભરવાના હોઇ કસરત કરાવનાર શખ્સે અમને કહેલુ કે હું ફિઝીયોથેરાપીસ્ટ ડોક્ટર છું અને મારુ નામ અંકિત હિતેષભાઇ કાથરાણી છે હું માધાપર ચોકડી પાસે રહુ છું અને હાઇટેક ફિઝીયોથેરાપીસ્ટ સેન્ટર ૧૫૦ રીંગ રોડ પર ચલાવુ છું. હું મયુરભાઇને કસરત કરાવવા આવું છે. તેવી વાત તેણે કરી હતી.

એ પછી ક્લેઇમ અંગેના ફોર્મ ડો. અંકિતે અંગ્રેજીમાં ભર્યા હતાં. તેમજ કહ્યું હતું કે મયુરભાઇ કોઇના ટેકા વગર હરીફરી શકતા નથી, એક જગ્યાએથી બીજી જગ્યાએ જઇ શકતા નથી. કોઇની મદદ વગર કપડા બદલી શકતા નથી કે ન્હાઇ શકતા નથી. આ બધી વિગતો ડો. અંકિતે ફોર્મમમાં ભરી હતી અને સાક્ષીમાં પોતાની સહી કરી હતી. જેથી અમને શંકા જતાં હું અને ડો. રાજદીપ પરમાર મયુર છુંછારના ઘરની બહાર ચારેક કલાક સુધી ખાનગીમાં કારમાં છુપાઇને બેઠા હતાં. ત્યારબાદ સાંજે છએક વાગ્યે મયુર ઘરેથી મોટરસાઇકલ લઇને નીકળ્યો હતો! જેથી અમે તેની પાછળ અમારી કાર લઇને નીકળ્યા હતાં. એકાદ કિ.મી. દુરૂ રજવાડી ટી સ્ટોલ આવતાં મયુરે ત્યાં સાઇડમાં તેનું બાઇક ઉભુ રાખેલુ અને તે હોટલે ગયો હતો. ત્યાં ચા બનાવવા લાગ્યો હતો. જેથી અમે તેને વિડીયો ઉતારી લીધો હતો.

બાદમાં અમે તેની પાસે ગયા હતાં અને કહ્યું હતું કે મયુર તું હવે પકડાઇ ગયો છો, જે સાચુ હોય તે કહી દે. જેથી તેણે કહેલુ કે ઉભા રહો સાહેબ, મારા વીમાના કાગળો ડો. અંકિતે કર્યા છે હું તેમને બોલાવું. તેમ કહી ફોન કરતાં ડો. અંકિત આવી ગયેલ. ડો. અંકિતે બોલો શું કરવાનું છે? એવુ અમને પુછતાં અમે કહેલુ કે મયુરે પેરાલિસીસની હકિકત ખોટી જણાવી છે, અમે તેનો વિડીયો ઉતારી લીધો છે. આથી ડો. અંકિતે સાહેબ કંઇક પતાવટ કરો. એ પછી મયુર અને અંકિત થોડે દૂર જઇ ચર્ચા કરી પાછા અમારી પાસે આવ્યા હતાં અને અંકિતે કહેલુ કે-હવે મયુરને ક્લેઇમના પૈસા જોઇતા નથી. ક્લેઇમ પોલીસી વિથડ્રો કરવી છે. જેથી અમે તેની પાસે લેખીતમાં વિગતો માંગતા તેણે વિથડ્રો રિપોર્ટ લખી આપ્યો હતો. મયુરને દેણું થઇ ગયું હોવાથી તેણે આવુ કર્યુ હોવાનું કહ્યું હતું અને હવે પછી ભુલ નહિ થાય તેમ કહેતાં અમે ત્યાંથી નીકળી ગયા હતા.

ત્યારબાદ સાંજે હું અને ડો. રાજદિપ સમર્પણ હોસ્પિટલમાં દર્દી મયુર છુંછાર વિશે તપાસ કરવા ગયા હતાં કે આ દર્દી અહિ દાખલ થયેલ કે કેમ? સારવાર કરનાર ડો. મનોજ સીડાને મળવાનું કહેતાં રિસેપ્શન સ્ટાફે ડો. મનોજ સીડા હાજર નથી તેમ કહ્યું હતું. અમે મયુરની સારવારની ટ્રુ કોપી માંગતા સ્ટાફે નકલ આપી હતી. જેમાં હોસ્પિટલના સહી સિક્કા હતાં. કાગળો જોતાં તેમાં ડો. મેહુલ સોલંકીએ દર્દી મયુર છુંછારને પેરાલિસીસની સારવાર આપી હોઇ તેવુ લખાણ હતું.

ડો. મયુર સોલંકીને મયુર છુંછારને ડાબી બાજુ પેરાલીસીસની અસર જણાઇ આવેલ અને એમઆઇઆર તથા લોહીના રિપોર્ટ કરવાની સલાહ આપી હતી. બીજી તરફ મયુરે વીમાનો દાવો કરી કાગળો રજુ કરેલા તેમાં ડો. મનોજ સીડાએ પેરાલિસીસની સારવાર કરી હોવાનું લખેલુ હતું. આમ એક જ દર્દીની બે અલગ અલગ ડોક્ટરે સારવાર કરી હોઇ અને તેના કાગળો શંકાસ્પદ જણાયા હતાં. ત્યારબાદ અમે સિવિલ હોસ્પિટલના સહયોગ ઇમેજીંગ સન્ટર ખાતે તપાસ કરતાં ત્યાં ડિરેક્ટર નીલીમા ગર્ગને મળતાં અને દર્દી મયુર છુંછારનો ૧૭/૨/૨૪નો એમઆરઆઇનો રિપોર્ટ બતાવી આ રિપોર્ટ તમારો સહયોગ ઇમેજીનનો છે કે કેમ? તેમ પુછતાં તેણે અહિ આવો કોઇ રિપોર્ટ થયો ન હોવાનું કહ્યું હતું. આમ સહયોગ ઇમેજીંગ સેન્ટરનો રિપોર્ટ પણ બોગસ બનાવી ખરા તરીકે વીમા પોલીસી પકવવા માટે જોડી દેવાયો હતો.

આમ દર્દી મયુર અને ફિઝીયોથેરાપીસ્ટ ડોક્ટર અંકિત કાથરાણીએ તથા સમર્પણ હોસ્પિટલના કોઇપણ કર્મચારીએ સાથે મળી કાવત્રુ ઘડી રૂા. ૪૦ લાખનો મેડીક્લેઇમ પકાવી લેવા કાવતરૂ ઘડી છેતરપીંડીનો પ્રયાસ કર્યાનું ખુલતાં અમે તપાસને અંતે ફરિયાદ દાખલ કરાવી હતી. તેમ વધુમાં ડો. રશ્મીકાંત પટેલે જણાવતાં પીઆઇ એસ.આર. મેઘાણીની રાહબરીમાં પીએસઆઇ એસ. એલ. ગોહિલે તપાસ હાથ ધરી હતી. દરમિયાન હોસ્પિટલના સંચાલક શ્રીમતી રમણીકકુંવરબાએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે અમારી હોસ્પિટલમાં મયુર છુંછરાએ નબળાઇની બિમારીની સારવાર લીધી હતી. તેને હોસ્પિટલ તરફથી સામાન્ય રૂટીન બીલ અપાયું હતું. વિમો પકવવા તેણે જે કોઇ કાગળો ઉભા કર્યા છે તે પોતાની જાતે ઉભા કર્યા હતાં. તેમાં સહી સિક્કા હોસ્પિટલના કર્મચારી ભાવિક માંકડે કર્યા હતાં. આ બંનેએ પોતાની ભુલ કબુલી હતી અને પોલીસ તપાસ કરી રહી છે. હોસ્પિટલનો અન્ય કોઇ ડોક્ટર કે બીજા કોઇ સ્ટાફનો આમાં કોઇ રોલ નથી. પોલીસ વિશેષ તપાસ કરી રહી છે.

### રાજકોટમાં ફરીથી નાના મોટા બૂટલેગરો સક્રિય થઇ જતાં પોલીસ પણ વધુ જોમથી મેદાને આવી

# SMCએ ૨૪ાા લાખનો-PCBએ અડધા લાખનો દારૂ પકડ્યો

## ખોખડદડ પાસેથી એસમસીની ટીમે થાનના ટ્રકચાલકને દબોચતાં દારૂ મંગાવનાર, મોકલનાર સહિતના નામ ખુલ્યાઃ જેતપુર ચોકડીએ જથ્થો લઇ જવાનો હતોઃ પીસીબીની ટીમે રૈયા રોડ અંજની સોસાયટીમાંથી દારૂ ભરેલી કાર સાથે એકને દબોચ્યો








રાજકોટઃ બુટલેગરો ફરીથી સક્રિય થઇ ગયા છે. પોલીસની સાથે સાથે એસએમસી એટલે કે સ્ટેટ મોનીરટીંગ સેલની ટીમો પણ રાજ્યભરમાં ત્રાટકતી રહે છે અને દારૂની હેરાફેરીનો પર્દાફાશ કરતી રહે છે. વધુ એક વખત રાજકોટ શહેરની હદમાં આવી કાર્યવાહી થઇ છે. શહેરના ગોંડલ રોડ ચોકડીથી આજીડેમ ચોકડી તરફ ખોખડદડ પૂલ પાસે સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે દરોડો પાડી રૂા. ૨૪,૨૩,૨૪૪નો ૪૫૦૦ બોટલ દારૂ ભરેલો ટ્રક કબ્જે કરી થાન પંથકના ટ્રક ડ્રાઇવરને ઝડપી લીધો હતો. જ્યારે દારૂ મંગાવનારા સાયલા પંથકના શખ્સ, ટ્રક માલિક ઉપલેટાના શખ્સ અને દમણથી જથ્થો મોકલનાર તેમજ ફાસ્ટટેગ હોલ્ડર સહિતની શોધખોળ શરૂ કરી છે. એસએમસીની ટીમે દારૂ, ટ્રક મળી કુલ અડધા કરોડ આસપાસનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જ્યારે સ્થાનીક લેવલે પીસીબીની ટીમે રૈયા રોડ પર દરોડો પાડી અડધા લાખનો દારૂ ભરેલી કાર સાથે એક શખ્સને પકડ્યો હતો.

વિગતો પર નજર કરીએ તો રાજ્યભરમાં દારૂ-જૂગારના દરોડા પાડતી સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ રાજકોટ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમીને આધારે ગોંડલ રોડ ચોકડીથી આજીડેમ ચોકડી તરફ ખોખડદડના પૂલ પાસે વોચ રાખી એક ટ્રકને આંતરી લીધો હતો. તપાસ કરતાં આ ટ્રકમાંથી દારૂ-બીયરની બોટલો, ટીન નંગ ૪૫૦૦ રૂા. ૨૪,૨૩,૨૪૪ના મળતાં કબ્જે કરી ટ્રકચાલક સાયલાના થાન તાબેના બ્રહ્મપુર વાંકી ગામના રૈયા ભીખાભાઇ ઇન્દરીયા નામના આડત્રીસ વર્ષના શખ્સને ઝડપી લીધો હતો. પોલીસે દારૂ, ૨૫ લાખનો ટ્રક સહિતનો ૪૯,૨૯,૦૯૪નો મુદ્દામાલ કબ્જે કરી ડ્રાઇવરને ઝડપી લઇ આજીડેમ પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો હતો.

દારૂ ક્યાંથી ભર્યો, કોણે મંગાવ્યો? ટ્રક માલિક કોણ એ સહિતની પુછપરછ પોલીસ દ્વારા શરૂ થતાં જ ટ્રકચાલક રૈયા ઇન્દરીયાએ જણાવ્યું હતું કે આ દારૂ સાયલાના ચોવરીયા ગામના હરેશ માનસંગ માથાસુરીયાએ મંગાવ્યો છે. જે જેતપુર ચોકડી પાસે પહોંચાડવાનો હતો. જ્યારે આ ટ્રકના માલિક ઉપલેટાના રમેશ જગમાલભાઇ ઘુલ છે. આ જથ્થો દમણથી મોકલવામાં આવ્યો હતો. રૈયાની પુછતાછમાં આ બધાના નામ ખુલતાં તેની સામે પણ ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવી છે. સ્ટેટ મોનીટરીંગ સેલના વડા નિર્લીપ્ત રાય અને ડીવાયએસપી કે. ટી. કામરીયાના માર્ગદર્શનં પીઆઇ પી. બી. બ્રહ્મભટ્ટ અને તેની ટીમે આ કામગીરી કરી હતી. સુત્રધાર સહિતના ઝડપાયા બાદ વધુ વિગતો બહાર આવશે.

બીજી તરફ રાજકોટની પીસીબીની ટીમે દરોડાનો દોર યથાવત રાખ્યો હતો.

આ ટીમે રૈયા રોડ વિસ્તારમાંથી દારૂ ભરેલી કાર સાથે એક શખ્સને પકડી લીધો હતો. ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે રૈયા રોડ પર અંજની સોસાયટી વાળી શેરીમાં ઉભેલી વેન્ટોકારમાં ઇંગ્લીશ દારૂની હેરાફેરી કરવામાં આવી રહી હોવાની બાતમી પીસીબીના વિજયભાઇ મેતા અને કુલદીપસિંહ જાડેજાને મળતાં વોચ રાખી કાર અંજની સોસાયટી બ્લોક નં-૩૨-૨૪વાળી શેરીમાંથી સિલ્વર કલરની જીજે-૦૩-ઇઆર-૩૯૩૬ નંબરની વેન્ટો કાર આંતરી લીધી હતી.

આ કાર અંદર તપાસ કરતાં તેમાંથી રૂા. ૫૧૭૬૮ની વિદેશી દારૂની અલગ-અલગ બોટલો મળી આવતાં કાર ચાલક કૌશલ નિરંજનભાઈ નથવાણી (રહે-પુષ્કરધામ રોડ, કેવલમ રેસીડેન્સી સામેના આવાસ ક્વાર્ટર)ની ધરપકડ કરી હતી.

પીઆઇ એમ.આર. ગોંડલીયા, પીએસઆઇ એમ. જે. હુણ એએસઆઇ મયુરભાઇ, સંતોષભાઇ, મહિપાલસિંહ, હરદેવસિંહ, ઘનશ્યામસિંહ, કરણભાઇ, સહિતની ટીમે આ કામગીરી કરી હતી. નાના મોટા બૂટલેગરો ફરી સક્રિય થયાની ચર્ચા વચ્ચે આ બે કામગીરી નોંધપાત્ર બની છે. જો કે સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ છેક રાજકોટ આજીડેમ પોલીસની હદમાં દારૂ ભરેલો ટ્રક પકડી ગઇ ત્યાં સુધી સ્થાનીક પોલીસને ગંધ આવી નહોતી તે અંગે પણ ભારે ચર્ચા જાગી છે.

# હું શુભચિંતક છું, તમારી પત્નિ બીજા સાથે વાતો કરે છે...વિકૃત શખ્સે મોકલ્યા મેસેજ

## જીલ્લા ગાર્ડન પાસે રહેતાં શ્રમીક યુવાને કંટાળીને સાયબર ક્રાઇમ પોલીસને જાણ કરતાં એફઆઇઆર દાખલ થઇ

રાજકોટઃ અમુક વિકૃત શખ્સો સોશિયલ મિડીયાનો દુરૂપયોગ કરી બીજાને હેરાન પરેશાન કરતાં હોય છે. આવો વધુ એક બનાવ સામે આવ્યો છે. સાયબર ક્રાઇમના વધુ એક બનાવમા જીલ્લા ગાર્ડન વિસ્તારમાં રહેતાં અને મજુરી કરી ગુજરાન ચલાવતાં યુવાનને વ્હોટ્સએપ પર અજાણ્યા શખ્સે હાઇનો મેસેજ મોકલ્યા બાદ બે મિનીટ વાત કરવી છે, હું તમારો શુભચિંતક છું, તમારા પત્નિ રાતે બીજા સાથે વાત કરે છે તેવા મેસેજ કરી આ યુવાને પોતાની ઇન્સ્ટાગ્રામ આઇડીમાં પોતાની પત્નિના ફોટા મુક્યા હોઇ તે ફોટા વ્હોટ્સએપથી મોકલી ખોટી વાતો કરી હેરાન પરેશાન કરતાં આ બાબતે સાયબર ક્રાઇમ પોલીસે અજાણ્યા શખ્સ સામે એફઆઇઆર નોંધી છે.

આ બનાવમાં ભોગ બનેલા શ્રમીક યુવાને જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને મજુરી કરી ગુજરાન ચલાવુ છું.

મેં મારી ઇન્સ્ટાગ્રામ આઇડી પર મારા અને પત્નિના ફોટા પોસ્ટ કર્યા છે. ગત તા. ૩/૩/૨૫ના રોજ સવારે અગિયારેક વાગ્યે મારા વ્હોટ્સએપ પર એક નંબર પરથી હાઇનો મેસેજ આવ્યો હતો અને મને બે મિનીટ વાત કરવાનું કહ્યું હતું. મેસેજ કરનારે લખ્યું હતું કે-હું તમારો શુભચિંતક છું, તમારા પત્નિ રાતે બીજા સાથે વાત કરે છે. આ પછી તેણે મારી ઇન્સ્ટાગ્રામ આઇડીમાં મેં રાખેલા મારા પત્નિના ફોટા મને મોકલ્યા હતાં. તેમજ મેસેજ કરનારે કહેલુ કે તમારી ભત્રીજીને પણ આ બાબતની ખબર છે. ત્યારબાદ અવાર-નવાર આ ફોન નંબરના ધારકે મને મારી પત્નિ બાબતે તથા અન્ય બહાનાથી મેસેજ મોકલવાનું ચાલુ કર્યુ હતું. મારા પત્નિ બીજા સાથે વાત કરે છે તેવી ખોટી બાબત મને જણાવી હેરાન પરેશાન કરવાનું ચાલુ કરતાં અને મેં જેમાંથી મેસેજ આવતાં હતાં તેમાં વ્હોટ્સએપ કોલ કરતાં ફોન લાગતો ન હોઇ માત્ર વ્હોટ્સએપ જ ચાલતુ હોઇ સાયબર ક્રાઇમ પોલીસને જાણ કરી હતી. તેમ વધુમાં યુવાને કહેતાં હેડકોન્સ. એમ.મેમ. ટંકારીયાએ ગુનો દાખલ કરતાં પોલીસ ઇન્સ્પેક્ટર એસ. ડી. ગીલવાએ વિશેષ કાર્યવાહી હાથ ધરી છે.

# ગીતા નગરમાં સામાન્ય બોલાચાલી બાબતે યુવાન પર ત્રણ શખ્સોનો હુમલો

## હુમલાખોરોએ બુલેટમાં પણ ધોકા મારી કરી નુકસાની

રાજકોટ મિરર, તા.૧૧

શહેરના ગીતાનગર-૪ ધર્મજીવન સોસાયટી મેઇન રોડ, રિદ્ધિ સિદ્ધિ એપાર્ટમેન્ટ, ચોથા માળે રહેતા સમર્થ દીપકભાઈ દવે નામના યુવાને પોતાના પર ત્રણ શખ્સોએ હુમલો કર્યાની ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

હુમલાખોરો તરીકે છત્રપાલ મોહબતસિંહ પરમાર. મહોબતસિંહ પરમાર. તેમજ રમેશ પરમારના નામો આપ્યા છે.

ફરિયાદમાં સમર્થ દવે જણાવ્યું છે કે તેમના માતા પોતાના રહેણાંક મકાન પર તુલસીજીને પાણી રેડતા હતા ત્યારે કોઈ કારણસર બાજુવાળાને તકલીફ થતા બોલાચાલી થઈ હતી.

જેમાં ઉપરોક્ત ત્રણેય શખ્શોએ મન ફાવે તેમ બોલીને, લાકડાના ધોકાવતી સમર્થના પગ ઉપર ધોકા ફટકાર્યા હતા. તે ઉપરાંત તેમના પિતાના બુલેટ પર પણ ધોકાના ઘા કરી નાની-મોટી નુકસાની કરીને



આતંક મચાવ્યો હતો. બનાવની ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા હેડ કોન્સ્ટેબલ તોરલબેન દ્વારા આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# પતિ પત્નીના ઝઘડામાં વચ્ચે આવતા નહીં નહિતર પતાવી દઈશ

## આણંદ પરના યુવાનને ઝઘડો કરી રહેલા દંપતીની ધમકી

રાજકોટ મિરર, તા.૧૧

રૈયાધાર વિસ્તારના લાઈટ હાઉસ પાસે જાહેરમાં ઝઘડો કરી રહેલ એક દંપતીને છોડાવવા ગયેલા યુવાનને ‘‘અમારા પતિ-પત્નીના ઝઘડામાં વચ્ચે આવતા નહીં નહિતર જાનથી મારી નાખીશ‘‘ તેવી છરી બતાવીને ધમકી આપ્યાની ગાંધીગ્રામ-૨. યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે દંપતિ સામે ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ રૈયાગામ લાઈટ હાઉસ પાસે રહેતા રાધે પંકજ પરમાર અને તેમની પત્ની માલા જાહેરમાં રોડ ઉપર ઝઘડો કરી રહ્યા હતા. ત્યારે ત્યાંથી પસાર થઈ રહેલા ધર્મેશ કરમશીભાઈ ગમારા નામના ભરવાડ યુવાને બંનેને છોડવાનો પ્રયાસ કરતા, દંપતીએ ધર્મેશભાઈને છરી બતાવી ધમકી આપી હતી કે ‘‘અમારા પતિ પત્નીના ઝઘડામાં વચ્ચે કંઈ બોલતા નહીં, નહિતર પતાવી દઈશું‘‘ આ મતલબની ગાંધીગ્રામ-૨, યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા એ.એસ.આઇ હીનાબેન મણવર દ્વારા આગળની તપાસ કરવામાં આવી છે.

ગાંધીગ્રામ-૨, યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં એક એવો પણ ગુનો માલાબેન રાધે પરમાર સામે નોંધાયો છે કે તેમના પતિ રાધેને જાહેરમાં ઝઘડો કરવા બદલ પીસીઆર કોલના આધારે ગાંધીગ્રામ યુનિવર્સિટી પોલીસ પોલીસ થાણે લઈ આવી હતી.

ત્યારે ત્યાં અચાનક ધસી આવેલી માલાએ ઉપસ્થિત પોલીસ સ્ટાફને ધમકી આપી હતી કે ‘‘મારા પતિને કોણ લાવ્યા છે ?

છોડી દો નહિતર હું આપઘાત કરી લઈશ‘‘ આવું કહીને પોતાના હાથે બ્લડથી ચેકા મારી દીધા હતા. તેમજ તેમની પાસેનું એસિડ પી જવાની પણ ધમકી આપી હતી.

આવા સમયે સરકારી ફરજમાં અડચણ ઉભી કરી કાયદાકીય સત્તાનો ઉપયોગ કરતા અટકાવવાનો માલા સામે ગુન્હો નોંધાવવા યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ કીર્તેશભાઈ વીરસીંગભાઇ ફરિયાદી બન્યા હતા.

# સરકારી પોલીટેકનીક રાજકોટ ખાતે ‘માનસિક સ્વાસ્થ્ય અને માનવીય બુદ્ધિ’ વિશે યોજાયો સેમિનાર

## ભાવનાત્મક સુખાકારી અને શૈક્ષણિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા મનોવિજ્ઞાન વિભાગ સાથે એમ.ઓ.યુ. કરાયા










રાજકોટ તા. ૧૧

વિદ્યાર્થીઓ આધુનિક ટેકનોલોજીના યુગમાં મોબાઈલ વળગણ, આક્રમક વર્તન અને અભ્યાસના ભારણને લીધે માનસિક તણાવનો અનુભવ કરતા હોય છે. ત્યારે મોબાઇલને લીધે થતા માનસિક તનાવને ઓછો કરવા અંગે માર્ગદર્શન આપવા ગત તા. ૦૮ એપ્રિલ, ૨૦૨૫ના રોજ સરકારી પોલીટેકનીક, રાજકોટના ઈ.સી. (આઈ.સી.ટી.) વિભાગ દ્વારા ’માનસિક સ્વાસ્થ્ય અને મોબાઈલ’ તથા ’કૃત્રિમ બુદ્ધિ અને માનવીય બુદ્ધિ’ વિશે સેમિનાર યોજાયો હતો. આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, રાજકોટના મનોવિજ્ઞાન ભવનના વડા પ્રોફેસર વાય. એ. જોગસન તથા આસીસ્ટન્ટ પ્રોફેસરશ્રી ડો. ડી.આર. દોશીએ વિષયને અનુરૂપ વ્યાખ્યાન આપ્યું હતું. તેમજ વિવિધ રચનાત્મક કાર્યક્રમોના માધ્યમથી ભાવનાત્મક, મનોવૈજ્ઞાનિક અને વ્યકિતગત સુખાકારી અને શૈક્ષણિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી સરકારી પોલીટેકનીક, રાજકોટ તથા મનોવિજ્ઞાન વિભાગ, સોરાષ્ટ્ર યુનિવર્સીટી વચ્ચે ખજ્ઞઞ (મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ) પર હસ્તાક્ષર કરાયા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આચાર્ય ડો. એ. એસ. પંડ્યાનું માર્ગદર્શન મહત્વનું રહ્યું હતું. ઇન્ચાર્જ આચાર્ય એ.ડી.સ્વામીનારાયણએ સ્વાગત ઉદ્‌બોધન તથા ઈ.સી. વિભાગના ઇન્ચાર્જ વડા એચ. કે. પ્રજાપતિએ આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન તથા સંચાલન ઈ.સી. વિભાગના ઇન્ચાર્જ વડા એચ.કે. પ્રજાપતિની દેખરેખ હેઠળ વ્યાખ્યાતા પી. એન. કરગટિયા તથા એ.બી. મકવાણાએ કર્યું હતું. આ તકે સંસ્થાના વિવિધ વિભાગના વડા તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

કોઠારીયા રોડ પીરવાડી સામે બે મહિના પહેલા જ કારખાનુ ચાલુ કરનારા દેવપરાના વિપુલભાઇ ગોંડલીયાને ત્યાં ચુમાલીસ કારીગરો કામ કરે છેઃ આગલી સાંજે મેનેજરની હાજરીમાં હીરાના બે પેકેટ તિજોરીમાં રાખેલાઃ સવારે આવ્યા ત્યારે ડ્રીલથી તિજોરી કાપેલી હતી

## ચોરટા બેફામ

# ખોડિયાર ડાયમંડમાંથી ૭૦ લાખના હીરાની ચોરી

**સુરતથી દરરોજ કાચા હીરા આવે છે જે ઘસીને સાંજે આંગડીયા મારફત પરત મોકલાય છેઃ ભક્તિનગર પોલીસે ભેદ ઉકેલવા તપાસ આરંભીઃ CCTVનું DVR પણ ચોરાયુંઃ DCB, LCBની ટીમો પણ લાગી કામે**







રાજકોટઃ શહેરમાં ચોરટા ફરી ઉફાણે આવ્યા છે. નાની મોટી ચોરીચપાટીના બનાવ વચ્ચે મસમોટી ચોરીનો કિસ્સો સામે આવતાં પોલીસ દોડતી થઇ ગઇ છે. કોઠારીયા રોડ પીરવાડી સામે આવેલા દેવપરાના હીરાના વેપારીના કારખાનામાં પાછળનો દરવાજો બળપુર્વક ખોલી અંદર ઘુસી જઇ ચોરટાઓ અઢી ફુટની લોખંડની તિજોરીને ડ્રીલ વડે કાપી અંદરથી રૂા. ૬૦,૮૩,૬૫૦ના કાચા હીરા ચોરી જતાં તસ્કર કે તસ્કરોને શોધવા પોલીસની ટીમો ઉંધા માથે થઇ છે. પોલીસે ડોગ સ્કવોડ, ફિંગર પ્રિન્ટ નિષ્ણાંતો, એફેઅસએલની મદદ લઇ તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.સીસીટીવી કેમેરાનું ડીવીઆર પણ ચોર ચોરી ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો ચોરીની આ ઘટનામા કોઠારીયા રોડ દેવપરા જુની શાક માર્કેટ પાસે વિવેકાનંદનગર–૨માં મુકેશ સોડાવાળી શેરીમાં ગોંડલીયા નિવાસ ખાતે રહેતાં વિપુલભાઇ વિરજીભાઇ ગોંડલીયા–પટેલ નામના સાડત્રીસ વર્ષિય કારખાનેદારની ફરિયાદ પરથી ભક્તિનગર પોલીસે એફઆઇઆર દાખલ કરી તપાસ આરંભી છે. કારખાનાના માલિક વિપુલભાઇ ગોંડલીયાએ વિગતો આપતા જણાવ્યું હતું કે હું પરિવાર સાથે રહુ છું અને મારે કોઠારીયા રીંગ રોડ પર પીરવાડીની સામેના ભાગે ધરમનગર સોસાયટીમાં ભાડાના શેડમાં ઉપરના માળે ખોડીયાર ડાયમંડ નામે હીરાનું કારખાનુ છે. અહિ બે મહિનાથી હું જોબવર્ક કરુ છું. આ કારખાનુ અમે સવારે સાત વાગ્યે ખોલીએ છીએ અને સાંજે આઠ વાગ્યા સુધી ચાલુ હોય છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે કારખાનામાં ચુમાલીસ કારીગરો હીરા પોલીશીંગનું કામ કરે છે. આ બધા કારીગરો ગુજરાતી છે. અમારા કારખાનામાં જે હીરા પોલીશ થાય છે તે બધા સુરતથી રાજકોટ સોરઠીયાવાડી ચોકમાં આવેલા મહેન્દ્ર ડાયમંડ નામની આંગડીયા પેઢીના પાર્સલમાં આવે છે. આ પાર્સલ આંગડીયા પેઢીનો માણસ મારા કારખાને આપી જાય છે. સુરતથી જે હીરા આવે છે તે કાચા હીરા હોય છે. આ હીરા પોલીશ થઇ જાય–ઘસાઇ જાય પછી દરરોજ સાંજે ફરી અમે આંગડીયા પેઢીના માણસ મારફત તેને સુરત રવાના કરીએ છીએ. આ હીરા લેવા આંગડીયા પેઢીનો માણસ દરરોજ સાંજે કારખાને આવતો હોય છે. હીરામાં અલગ અલગ સાઇઝના ૦ થી લઇ ૫ સુધીના હીરા હોય છે.

તેમજ સુરત જે તૈયાર હીરા મોકલીએ છીએ તેમાં નાનો મોટો ઘસવામાં ફોલ્ટ રહી ગયો હોય તો તે હીરા ફરી રીપેર કરીને પાછા મોકલવાના હોય છે. અમારા કારખાનામાં કેટલા હીરા આવ્યા, કેટલા હીરા મોકલ્યા તેનું કાચુ લખાણ એક બૂકમાં દરરોજ હું મારી જાતે કરુ છું. વિપુલભાઇએ વધુમાં જણાવ્યું હતું કે ગઇકાલે ગુરૂવારે ૧૦મીએ સવારે સાત વાગ્યે મેં નિત્યક્રમ મુજબ કારખાનુ ખોલ્યું હતું. ત્યારે કારીગરો સમયસર આવી ગયા હતાં. દરરોજની જેમ સી.વી. ઇમ્પેક્ટ નામની પેઢી જે ચંદુભાઇન ડુંગરાણીની છે ત્યાંથી આંગડીયામાં આ કાચો માલ–હીરા આવ્યા હતાં. આંગડીયા પેઢીનો માણસ આ હીરા મારા કારખાને આપી ગયો હતો. જે હીરા ઘરસવા ૧૫–ઘંટીઓ પર મેં કારીગરોને કામ ચાલુ કરાવ્યું હતું.

હીરાને પોલીશ કામ ચાલુ થયા બાદ કારખાનાની ઓફિસમાં હીરા ચેક કરવાના મશીન છે તેમાં બે મેનેજર અશોકભાઇ પોપટપભાઇ રોકડ અને મુકેશભાઇ રાવલ તથા સુપરવાઇઝર અહરેશભાઇ ગોંડલીયા બેસે છે તે હીરા ચેક કરવાની કામગીરી સંભાળે છે. તેમજ આ લોકો જ સુરતથી આવેલા હીરાનું પાર્સલ તૈયાર કરી સાંજે આંગડીયા પેઢીના માણસને સુપરત કરે છે.સાંજે સાતેક વાગ્યે ધીમે ધીમે કારીગર કામ પુરુ કરી કારખાનેથી જતાં રહ્યા હતાં. હું અને મેનેજર અશોકભાઇ બંને ઓફિસમાં બેઠા હતાં. ઓફિસમાં લોખંડની એક તિજોરી રાખી છે. તે તિજોરીમાં સુરતથી રીપેરીંગમાં આવેલા અમુક હીરા તથા બીજા કાચા હીરા મેં રાખ્યા હતાં. રાતે આઠેક વાગ્યાના અરસામાં મેં કારખાનુ બંધ કર્યુ હતું. એ પહેલા હીરા તિજોરીમાં મુક્યમા હતાં.



વિપુલભાઇએ વધુમાં કહ્યું કે શુક્રવારે સવારે કારખાને આવ્યો ત્યારે નીચેનું તાળુ ખોલી ઉપર જતાં ઓફિસનો દરવાજો ખુલ્લો તૂટેલો હતો. મેં અંદર જઇ જોતાં તિજોરી જે આશરે અઢી ફુટની છે તેમાં ચાવી ભરાવવાની જગ્યાએ ડ્રીલથી હોલ પાડેલ હોય તેવું જણાતાં મને કારખાનામાં ચોરી થયાની ખબર પડી હતી. મેં તિજોરીમાં જે હીરા નંગ ૨૬૧૭ જેનુ વજન ૨૦.૮૯ કેરેટ હતું તે રાખેલ હતાં તેની એક કેરેટની કિમત રૂા. ૫૫૦૦૦ ગણાય તે ૧૧,૪૮,૯૫૦ના હીરા, જે રીપેર માટે સુરતથી ૮/૪/૨૫ના રોજ આવ્યા હતા તે ગાયબ હતાં. આ ઉપરાંત કાચા હીરા નંગ ૯૦૩૮ જેનુ વજન ૧૦૯.૬૬ કેરેટ જેની કિમત એક કેરેટની ૪૫ હજાર ગણાય તે ૪૯,૩૪,૭૦૦ના હીરા પણ સુરતથી આવ્યા હતાં અને તે સ્ટોકમાં રાખેલા હતાં. આ બંને હીરાના અલગ અલગ પેકેટ બનાવી તિજોરીમાં રાખ્યા હતાં. કુલ રૂા. ૬૦,૮૩,૬૫૦ના ૧૧૬૫૫ નંગ કાચા હીરા કુલ કેરેટ ૧૩૦.૫૫ના ચોરાઇ ગયા હતાં.

મેં ઓફિસમાં સીસીટીવી કેમેરાનું ડીવીઆર રાખ્યુ હતું તે પણ ચોરાઇ ગયું હોઇ પોલીસને જાણ કરી હતી. કારખાના પાછળના ભાગે લોખંડનો દરવાજો છે તે દરવાજાનો આંકડીયો બળપુર્વક ખોલીને ચોર અંદર આવ્યાની શક્યતા છે. ચોરીની આ ઘટનાને પગલે ડીસીપી સજ્જનસિંહ પરમાર, એસીપી બી. વી. જાધવ, ભક્તિનગર પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર મયુરધ્વજસિંહ સરવૈયા, પીએસઆઇ વસાવા, રાઇટર એએસઆઇ નિલેષભાઇ મકવાણા સહિતની ટીમ તેમજ એલસીબી, ડીસીબીની ટીમોએ ઘટના સ્થળે પહોંચી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પોલીસને આશા છે કે ભેદ ઝડપથી ઉકેલાઇ જશે. આ બનાવને પગલે શહેરમાં ચકચાર મચી ગઇ છે.

---

પાદરવાળી આઇશ્રી ખોડીયાર મંદિરે

# ચાંદલી ગામે કાલથી શ્રીમદ્ ભાગવત કથાનો ભવ્ય પ્રારંભ

**કૃષ્ણવલ્લભ દાસજી વાત્સલ્યધામ જુનાગઢના ભાગવત કથાનું કરાવશે રસપાન**



વકતાશ્રી



રાજકોટ મિરર, ખીરસરા(રણમલ)તા.૧૧ ચાંદલીગામના પાદરમાં પ્રગટ બિરાજમાન હજારો ભક્તોના આસ્થાના કેન્દ્ર શ્રી ખોડિયાર માતાજીના મંદિરનું ભાવિકો દ્વારા જીર્ણોદ્ધાર કરાયો છે. આ નુતંન મંદિરમાં આઇ શ્રી ખોડિયાર માતાજીની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા અંતર્ગત આયોજિત શ્રીમદ્ ભાગવત કથાનો આવતીકાલ તા. ૧૩થી પ્રારંભ થશે.

તા.૧૩/૪ સવારે ૮ કલાકે પોથીયાત્રા, દિપ પ્રાગટય ૯/૩૦ કલાકે, પ્રવચન ૧૦ કલાકે, ૧૪/૪ કુંતા સ્તુતિ ૧૧ વાગ્યે, ૧૫/૪ વરાહ પ્રાગટય સાંજે ૫ વાગ્યે, ૧૬/૪ કૃષ્ણ જન્મોત્સવ સાંજે ૫:૩૦ કલાકે ૧૭/૪ નંદ મહોત્સવ સવારે ૯:૩૦ વાગ્યે, ૧૮/૪ નગરચર્યા સવારે ૮ વાગ્યે, ૧૮/૪ જાન આગમન સાંજે ૫ વાગ્યે, ૧૯/૪ સુદામા ચરિત્ર સવારે ૧૦ વાગ્યે, તા.૧૭ થી ૧૯ યજ્ઞ સવારે ૮ વાગ્યે, બિડુ હોમવાનું બપોરે ૧૨ વાગ્યે તેમજ કથા દરમિયાન દરોજ રાત્રે રાસ ગરબા કિર્તન મંડળ નાટક મંડળી વિગેરેના આયોજન કરાયા છે.

કથા દરમિયાન રાજુરામબાપુ આનંદી આશ્રમ વાળધરી, નારણબાપુ પરંમહંશ આશ્રમ ચાંદલી, શંખવાળાબાપુ ખંભેશ્વર મહાદેવ ચારણ પીપળીયા, રામદાસબાપુ દેવધાર ખોડિયાર મંદિર ચાદલી વિગેરે સંતો ઉપસ્થિત રહેશે, તા.૧૩ નારોજ રાસ ગરબા, ૧૪ ના રાત્રે ૯ વાગ્યે રાસ ગરબા, તેમજ કિર્તન મંડળ લોધીકા, તા.૧૫/૪ ના રાત્રે ૯ વાગ્યે કોઠાપીપળિયા ગામ શ્રી ખોડિયાર મંડળનુ પ્રખયત નાટક મચ્છુ તારા વહેતા પાણી, ૧૬ ના રાસ ગરબા કિર્તન મંડળ કોઠાપીપળિયા, તા.૧૭/૪ ના રાત્રે ૯ વાગ્યે મોટા ભાડુકિયાનુ નાટક મંડળીનું પ્રખયાત નાટક રાજા ભરથરી, ૧૮/૪ ના રૂક્ષ્મણી વિવાહ રાત્રે ૬ વાગ્યે શ્રીમદ્ ભાગવત કથા દરમિયાન મંગલ પ્રવચન સદગુરૂ દેવકૃષ્ણદાસજી સ્વામી–ગુરૂકુળ રાજકોટ મહંતશ્રી દેવપ્રસાદદાસજી સ્વામી–ગુરૂકુળ રાજકોટ, સ્વા. શ્રી અક્ષરવલ્લભદાસજી–અમરાપુર, સ્વામી ભકિતપ્રકાશદાસજી–ખીરસરા, સ્વામી ચંદ્રપ્રકાશદાસજી–રાજકોટ,ભકિતકિશોરદાસજી–વાત્સલ્યધા, રાધારમણદાસજી–રાજકોટ, વ્રજવલ્લભદાસજી–વાત્સલ્યધામાં, આનંદસ્વરૂપદાસજી–વિસાવદર, નિલકંઠદાસજી–વાત્સલ્યધામ જુનાગઢ, પ્રિયદર્શનદાસજી–વાત્સલ્યધામ જુનાગઢ વી.નામી, અનામી સંતો ખાસ હાજર રહેશે.

---

# સોળ વર્ષની બાળાએ ઝેર પી જીવ દીધો

**મોરબી રોડના કોઠારીયાનો બનાવ કારણ અકળઃ બીજા બનાવમાં માંડા ડુંગરના યુવાનનું બેભાન હાલતમાં મોત**

રાજકોટઃ મોરબી હાઇવે પર આવેલા ટંકારા પહેલાના કોઠારીયા ગામમાં રણજીતભાઇની વાડીમાં રહેતી મુળ મધ્યપ્રદેશની લીલુબેન કાનાભાઇ ભુરીયા નામની સોળ વર્ષની બાળા વાડીએ ઝેરી દવા પી જતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. તેનું મોત નિપજતાં મજૂર પરિવારમાં ગમીગીની છવાઇ ગઇ હતી. આપઘાત કરનાર લીલુબેન બે ભાઇ અને ત્રણ બહેનમાં બીજી હતી. તેના માતા–પિતા ખેત મજૂરી કરે છે. તેણી જિદ્દી સ્વભાવની હોઇ કોઇ વાતે ઘરમાં ઠપકો મળતાં આ પગલુ ભરી લીધાનું જણાવાયું હતું. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ, ચંદ્રસિંહ સહિતે કુવાડવા રોડ પોલીસને જાણ કરી હતી.

અપમૃત્યુની બીજી ઘટના જોઇએ તો આજીડેમ ચોકડીથી આગળ માંડા ડુંગર પાસે નકલંક શેરી–૧માં રહેતો અશોકભાઇ ધીરૂભાઇ સોલંકી નામનો સત્યાવીસ વર્ષનો યુવાન દૂધની ડેરી નજીક એચજે સ્ટીલ પાસે રોડ પર બેભાન થઇ જતાં કોઇએ ૧૦૮ બોલાવી હતી. પરંતુ તેના તબિબે તેને મૃત જાહેર કરી પોલીસને જાણ કરતાં થોરાળા પોલીસના સ્ટાફે પહોંચી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર અશોકભાઇ ત્રણ ભાઇ અને બે બહેનમાં નાનો હતો. તે છુટક મજૂરી કરતો હતો. બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

---

# રાજકોટ ડિસ્ટ્રિકટ બેન્કની મુલાકાતે બિહારના સહકાર મંત્રી ડો. પ્રેમકુમાર

**તેમની સાથે સહકાર ખાતાના અધિકારીઓની ટીમ પણ જોડાઇ**

રાજકોટ મિરર, તા.૧૧ રાજકોટની ડિસ્ટ્રિકટ બેન્કની વિવિધ સેવાઓથી પ્રભાવિત થઈને આજે બિહારના સહકાર મંત્રી ડો. પ્રેમકુમાર આર.ડી.સી.બેંકની મુલાકાતે આવ્યા હતા.

ગુજરાત સરકારના પૂર્વ કેબીનેટ મંત્રી અને આ બેંકના ચેરમેન જયેશભાઈ રાદડિયા, વાઈસ ચેરમેન મગનભાઈ વડાવીયા, મેનેજીંગ ડિરેકટર ઘનશ્યામભાઈ ખાટરીયા તથા બોર્ડ ઓફ ડિરેકટર્સના કુશળ વહીવટથી રાજકોટ ડિસ્ટ્રિકટ કો–ઓપ. બેંક રાષ્ટ્રીય સ્તરે ઉભરી છે. નાબાર્ડે આ બેંકને પાયોનીયર બેંક તરીકે બિરદાવતા બેંકના મોડેલ વહીવટથી પ્રભાવિત થઈ દેશની તમામ સહકારી બેંકોના સંચાલકો તથા સહકાર મંત્રાલયના અધિકારીઓ રાજકોટ ડિસ્ટ્રિકટ કો–ઓપ. બેંકની મુલાકત લઈ આ બેંકની થાપણ, ધિરાણ, વસુલાત તથા ખેડૂતો માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો અભ્યાસ કરી અન્ય રાજયોમાં પણ તેતું અનુકરણ કરી ગ્રામ્ય વિસ્તારના લોકો તથા ખેડૂતોના વિકાસ લક્ષી પ્રવૃતિઓને વેગ આપે છે. તેવા અભિગમના ભાગ રૂપે બિહાર રાજયના સહકાર મંત્રી ડો. પ્રેમકુમાર, સહકાર વિભાગના સેક્રેટરી નારાયણ, સહકાર ખાતાના આસિસ્ટન્ટ રજીસ્ટ્રાર તથા અન્ય અધિકારીઓની ટીમએ રાજકોટ

ડિસ્ટ્રિકટ કો–ઓપ. બેંક આજે શુક્રવારે મુલાકાત લઈ બેંકની વિવિધ પ્રવૃતિઓનો અભ્યાસ કર્યો હતો. રાજકોટ ડિસ્ટ્રિકટ કો–ઓપ. બેંકની ૨૦૦ શાખાઓ મારફત રૂ. ૯,૭૭૦ કરોડની થાપણો એકત્ર કરી રૂ. ૮,૮૭૫ કરોડનું ધિરાણ કર્યું છે અને ખેડૂતોને રૂ. ૪,૧૪૦ કરોડ જેવુ કે.સી.સી. ધિરાણ અપાયું છે. બેંક સાથે જોડાયેલ ધિરાણ લેતા સભાસદોની બેંક તરફથી રૂ. ૧૦.૦૦ લાખની અકસ્માત વિમા પોલીસી લેવામાં આવે છે, બેંક વર્ષોથી કાયદાની જોગવાઈ મુજબ ઓડિટ વર્ગ ''અ ધરાવે છે અને બેંકની વસલાત ૯૯.૨૫ ટકા જેટલી છે. તેમજ આ બેંકને નાબાર્ડ તરફથી પાંચ વખત એવોર્ડ, નાફસ્કોબ તરફથી પાંચ વખત ઓલ ઓવર પરકફોર્મન્શ એવોર્ડ તથા એક વખત ડેકેટ(દશાબ્દી) એવોર્ડ તેમજ બેંકો–મુંબઈ તથા બેંકીંગ ફ્ન્ટીયર તરફથી પણ અનેક વખત એવોર્ડ મળ્યા છે.

બિહાર રાજયના સહકાર મંત્રી તથા તેમની ટીમએ આ બેંકની ઉપરોકત કામગીરી, બેંકની મુખ્ય કચેરીમાં ૨૪ કલાક ૩૮૫ દિવસ લોકર ઓપરેટીંગ સુવિધા તેમજ રાત્રીના ૧૦-૦૦ વાગ્યા સુધી દાગીના ધિરાણ સુવિધાની વ્યવસ્થા જોઈ ખુબ જ પ્રભાવિત થયેલ અને આ બેંકના ચેરમેન જયેશભાઈ રાદડિયા, બોર્ડ ઓફ ડિરેકટર્સ તથા બેંકના મેનેજમેન્ટને ધન્યવાદ આપ્યા હોવાનું રાજકોટ ડિસ્ટ્રિકટ કો–ઓપરેટીવ બેંક લી.ના જનરલ મેનેજર વી.એમ. સખીયાએ જણાવ્યું હતું.



# આઈકોનિક બ્રિજ પૂર્વે ૧૧ મિલકતધારકોને નોટિસ

## ઘણી મિલકતો કપાતમાં આવતી હોવાથી હોટલ, થિયેટર અને તાલુકા પોલીસ કચેરીની કમ્પાઉન્ડ વોલ તોડવા માટે કરાઈ તાકીદ

રાજકોટ, તા.૧૧

કાલાવડ રોડ પર રીંગરોડ બે નજીક જે હાઈકોનિક બ્રિજ કટારીયા ચોક પાસે બની રહ્યો છે તે બ્રિજ નું નિર્માણ અંદાજે ૧૬૭ કરોડના ખર્ચે થવાનું છે જે કામનું ખાતમુહૂર્ત મુખ્યમંત્રીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. હાલ મહાનગરપાલિકા દ્વારા જે બ્રિજ ની ડિઝાઇન અને મંજૂર કરવામાં આવી છે તેમાં ઘણી ખરી મિલકતો કપાતમાં આવતી હોવાથી તેઓને નોટિસ પણ પાઠવવામાં આવી છે જેમાં હોટલ, થિયેટર, તાલુકા પોલીસ સહિતની ૧૧ મિલકતને લાઈન ઓફ પબ્લિક સ્ટ્રીટ હેઠળ કપાત ની નોટિસ અપાય છે ત્યારે હજુ વૈકલ્પિક સર્વિસ રોડનું કામ પણ શરૂ થયું નથી ત્યારે અત્યારે સૌથી મોટો પ્રશ્ન એ જ છે કે ચોમાસા પહેલા આ સૌથી મોટા કેબલ બ્રિજ નું કામ શરૂ થાય તે ખૂબ જરૂરી છે.

આ પ્રોજેકટનું ખાતમુહૂર્ત થયા બાદ એજન્સી દ્વારા બ્રીજ હેઠળની પાઈપલાઈનો સહિતની યુટીલીટી શિફટીંગની પ્રારંભીક કામગીરી શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત મોટા મવા રોડથી કટારિયા ચોકડી અને કટારિયા ચોકડીથી કાલાવડ તરફના રોડ ઉપર લાઈનદોરીમાં આવતી કોસ્મોપ્લેક્સ સિનેમા સહિતની ૧૧ મિલ્કતોને કપાતની નોટીસ અપાઇ છે.જેના પગલે અમુક આસામીએ કમ્પાઉન્ડ વોલ જેવું બાંધકામ દુર કરવાનું શરૂ કર્યુ છે. પરંતુ હજુ બાકીની કપાત માટે મુદ્દત, વૈકલ્પિક રોડ કાઢવા સહિતની કામગીરી હજુ લાંબી ચાલે તેમ છે. પ્રથમ સર્વિસ રોડ સહિતનું કામ પૂર્ણ થયા બાદ સંભવતઃ ચોમાસા બાદ ઓવરબ્રીજનું કામ શરૂ થશે તેમ માનવામાં આવે છે.

હાલ જે વિગતો સામે આવી રહી છે ત્યારે તેને જો ધ્યાને લેવામાં આવે તો કાલાવડ તરફથી અને શહેર તરફથી પસાર થતા વાહનોને ડાયવર્ટ કરવા માટે ડાયવર્ઝન તૈયાર કરવામાં આવ્યું છે સાથોસાથ બ્રિજની બંને તરફ ૭.૫ મીટર નો સર્વિસ રોડ બનાવવા માટે કાલાવડ રોડને લાઈન ઓફ પબ્લિક સ્ટ્રીટ હેઠળ પણ મૂકવામાં આવ્યો છે. સમય મર્યાદામાં આ વધારાના બાંધકામ દૂર નહીં થાય તો કોર્પોરેશન દ્વારા ડિમોલેશનની કામગીરી હાથ ધરાશે. લાઈન ઓફ પબ્લીક સ્ટ્રીટ હેઠળ આવતી ૧૧થી વધુ મિલ્કતો કપાત થશે જેની સામે વળતર માટે ચાર વિકલ્પ આપવામાં આવ્યા છે. જેમાં રોકડ વળતર, જમીન સામે જમીન, એફએસઆઈ અને એફએસએલની ખરીદી સહિતનું વળતર ચુકવવામાં આવશે.

પ્રારંભીક તબક્કે સર્વિસ રોડ તથા યુટીલીટી શિફટીંગ માટે બી માર્કેશનની કામગીરી અંતર્ગત પીજીવીસીએલ, રોશની વિભાગ, જીપીએસસી ગેસ સર્વિસ સહિતના વિભાગોને તાકીદ કરી શિફટીંગ માટેનું ઝડપી કાર્યવાહી કરવાની સૂચના અપાઇ છે. જે કામ પણ સમાંતર ચાલી રહ્યું છે. હવે આ કામ શરૂ કરવા પહેલાની તમામ કામગીરી ઝડપથી આટોપવા અધિકારીઓ પ્રયાસ કરે છે પરંતુ ચોમાસા પહેલા કામ શરૂ થાય તો પણ પ્રથમ વરસાદ સાથે જ મોટો બ્રેક આવે તેમ હોય, મુળ કામ ચોમાસા બાદ જ શરૂ થાય તેવું લાગે છે.

# ULC જગ્યા પર દબાણ દૂર 30 લાખની જમીન ખુલ્લી

## ૨૦૦ મીટર જગ્યામાં દબાણ ખડકી દેતા અનેક વખત આપવામાં આવી હતી નોટિસ અંતે મામલતદારે ફેરવ્યું બુલડોઝર



રાજકોટ, તા. ૧૧

છેલ્લા ઘણા સમયથી સમગ્ર રાજકોટ શહેર અને જિલ્લામાં જે ગેરકાયદે દબાણો સરકારી જગ્યા પર થયેલા હોય તેને દૂર કરવામાં આવી રહ્યા છે ત્યારે ગઈકાલે હંસરાજ નગરમાં 30 લાખની કિંમતની સરકારી જમીન મામલતદાર દ્વારા ખુલ્લી કરવામાં આવી હતી. કલેકટર વિભાગના સૂત્રોને જણાવ્યા અનુસાર યુએલસી ની જમીન પર દબાણ કરી ૨૦૦ મીટર જગ્યામાં દબાણ કરતા હોય દિવાલ ઊભી કરી દીધી એટલું જ નહીં આ મામલે મામલતદાર દ્વારા નોટિસ પણ પાઠવવામાં આવી હતી પરંતુ કોઈ યોગ્ય ધ્યાન ન દેવાતા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું.

હાલ રાજકોટ કલેકટર અને મામલતદાર કચેરીની સાથો સાથ પ્રાંત અધિકારી દ્વારા હાલ તખતો તૈયાર કરી લેવામાં આવ્યો છે એટલું જ નહીં આવનારા દિવસોમાં પણ આ પ્રકારની જે પણ જમીનો હશે તેના પર બુલડોઝર ફેરવવામાં આવશે. આ તમામ બાબતોને ધ્યાને લઈને હવે મહાનગરપાલિકા અને શહેરી વિકાસ સત્તા મંડળ સંયુક્ત રીતે હવે ડિમોલિશનની કામગીરી હાથ ધરી રહી છે અને તબક્કાવાર જે પણ જગ્યા પર ગેરકાયદે દબાણો ખડકી દેવામાં આવ્યા હોય તેને દૂર કરવા માટેના હાલ પગલાંઓ લેવામાં આવે છે. હવે જોવાનું એ રહ્યું કે આગામી દિવસોમાં આ પ્રકારની એવી ઘણી ખરી મિલકતો છે જેના પર દબાણ થયેલા હોય તેને દૂર કરવા માટે હાલ તમામ જરૂરી પગલાઓ સ્થાનિક પ્રસાશન દ્વારા લેવામાં આવી રહ્યા છે બીજી સૌથી મોટી વાત તો એ છે કે અત્યારે હાલ રાજ્ય સરકાર દ્વારા જે આદેશો આવી રહ્યા છે તેને ધ્યાને લઈને જ અત્યારે તમામ કામગીરીઓ શરૂ થઈ ચૂકી છે.



# ગોપાલનગર, શ્રમજીવી સોસાયટીને અશાંતધારામાં કરો સામેલ

## સોસાયટીના રહેવાસીઓએ કલેકટરને પાઠવ્યું આવેદન

## જો યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો કરવી પડશે હિજરત

રાજકોટ, તા. ૧૧

અશાંતધારો લાગુ કરવા હાલ વિવિધ સોસાયટીના રહેવાસીઓ જિલ્લા કલેકટર સમક્ષ રજૂઆત કરી રહ્યા છે અને આવેદન પણ પાઠવી રહ્યા છે ત્યારે ગઈકાલે ગોપાલનગર, શ્રમજીવી સોસાયટી, ગાયત્રીનગર સહિતના વિસ્તારોમાં તત્કાલ અશાંત ધારો લાગુ કરવાની માંગણી કરવામાં આવી હતી અને આ અંગે સોસાયટીના રહેવાસીઓ દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર પણ પાઠવવામાં આવ્યું હતું. હાલ વિવિધ સોસાયટીમાં હિજરત કરવાના પ્રશ્નો સતત વધી રહ્યા છે ત્યારે સંબંધિત વિસ્તારના રહેવાસીઓએ કલેકટરને જણાવ્યું હતું કે જો આ અંગે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો તેઓએ તેમના વિસ્તારમાંથી અન્ય જગ્યા પર હિજરત કરવી પડશે ત્યારે આ સંબંધિત મુદ્દે જિલ્લા કલેકટર યોગ્ય પગલાં લે તેવી માંગણી વિવિધ વિસ્તારના રહેવાસીઓએ કરી હતી.

માંગણીની સાથોસાથ તેઓએ જણાવ્યું હતું કે, તાજેતરમાં જ ગોપાલનગર શેરી નં.૪ અને ૫માં પાંચથી સાત જેટલા વિધર્મી પરિવારોએ ઉંચી કિંમતે મકાનો ખરીદ કર્યા છે. જેના પગલે આ વિસ્તારની શાંતિ હણાઈ તેવી શકયતા રહેલી છે. આ વિસ્તારમાં અશાંત ધારા લાગુ કરવા માટે અગાઉ પણ વહીવટી તંત્રને રજૂઆત કરવામાં આવી હતી. તેમ છતા હજુ સુધી કોઈપણ જાતની કાર્યવાહી કરવામાં આવી નથી. શ્રમજીવી સોસાયટી, ગોપાલનગર, ગાયત્રીનગર અને ઢોલરીયા નગરમાં અશાંત ધારો લાગુ કરવામાં નહીં આવે તો આ વિસ્તારના રહીશો દ્વારા આંદોલનાત્મક કાર્યક્રમ આપશે. તેવી પણ ચેતવણી આ વિસ્તારના રહીશોએ આપી હતી.

# કલેક્ટર કચેરીને બોમ્બથી ઉડાવાની ધમકી

## SOG, બોમ્બ સ્ક્વોડ, ડોગ સ્ક્વોડ, DCB, પ્ર. નગર પોલીસની તપાસમાં કઈ ન મળ્યું

રાજકોટ મિરર, તા.૧૧

કલેક્ટર કચેરીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા તંત્રવાહકોમાં દોડધામ મચી ગઈ હતી. બનાવની જાણ થતા એસઓજી, બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડનો કાફલો પહોંચી ગયો હતો અને કલેક્ટર કચેરીનો ખૂણે ખૂણો ચેક કર્યો હતો. જોકે ધમકી મુજબનું કંઈ પણ મળી આવ્યું નહોતું. જેથી સૌએ રાહત અનુભવી હતી. આ ધમકી ઈમેલ મારફત આપવામાં આવી હતી જે આઈડીમાંથી ઈમેલ થયો છે તે અંગે તપાસ શરૂ કરવામાં આવી છે.

જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીને ઈમેલ મારફતે કચેરીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા તેઓએ તુરંત પોલીસ વિભાગને જાણ કરી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ, એસઓજી, ડોગ સ્ક્વોડ, બોમ્બ સ્ક્વોડ અને સ્થાનિક પોલીસની ટીમો તપાસ અર્થે કલેક્ટર કચેરીએ પહોંચી હતી. તપાસ દરમિયાન કોઈ શંકાસ્પદ વસ્તુ મળી ન આવતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. જિલ્લા કલેક્ટરને મળેલ ઈમેલને લઈ રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

આ મામલે રાજકોટ અધિક કલેક્ટર એ.કે. ગૌતમે જણાવ્યું હતું કે, ઈમેલના માધ્યમથી એવી સૂચના આપવામાં આવી હતી કે, કલેક્ટર કચેરી અને તેના પ્રિમાઈસીસની અંદર સિક્યુરિટી થ્રેટ્સ છે. આ ઈમેલની જાણ પોલીસ કમિશનર દ્વારા કરવામાં આવી હતી. જેથી કમિશનરની ટીમ અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ એસઓજી દ્વારા સમગ્ર કલેક્ટર કચેરીની તપાસ કરવામાં આવી હતી. આ તપાસમાં કોઈ ડિટોનિટર્સ કે અન્ય કોઈ થ્રેટ વાળી વસ્તુ મળી આવેલ નથી. આ અંગેનો ઈમેલ જે આઈડીથી આવ્યો હતો, તેની તપાસ ચાલું છે. પ્રથમ ઈમેલ અમને જ મળ્યો હતો. હાલ આ મામલે તપાસ ચાલી રહી છે.





### ધમકી ભર્યો ઈમેલ જે આઈડીથી આવ્યો તેની તપાસ

વધુ માહિતી મુજબ સૌરભ પારધી નામના વ્યક્તિના ઈમેલ એડ્રેસ પરથી જિલ્લા કલેકટર રાજકોટને ધમકી ભર્યો ઈમેલ મળ્યો છે. જેમાં લખ્યું છે કે, હું અતિ ગંભીર બાબત લખી રહ્યો છું. સુરક્ષામાં છીંડા હોવાથી તેની સલામતી જોખમમાં છે. ઈન્ટલિજન્સ વિભાગે પુષ્ટી કરી છે કે, આઈપીએસ ડો.વરૂણ કુમાર અને તેની પત્ની તથા આઈપીએસ વંદિતા પાંડેએ પાકિસ્તાની સંસ્થા આઈએસઆઈને સિક્યોરિટીની માહિતી લીક કરી દીધી છે. તેનો હેતુ સ્પષ્ટ છે. જાફર સાદિક કેસને કારણે ઉભી થયેલી પરિસ્થિતિ પરથી ધ્યાન ભટકાવવા AIADMKમાં પલાની સામીનો પ્રભાવ ખતમ કરી તમિલનાડુની શાંતિ ડહોળવા માગે છે.

ગુજરાતમાં આરડીએક્સ જેવો વિસ્ફોટક પદાર્થ મૂકીને બ્લાસ્ટ કરવામાં આવશે. તમામ કર્મચારીઓ અને જોશી સાહેબને ત્રણ વાગ્યા સુધીમાં ઓફિસ બહાર કાઢી લેવા. જો મોડું થશે તો મોટી જાનહાનિનું જોખમ છે.

આગળ લખ્યું છે કે આ ષડયંત્ર કીરુથીગા ઉદયનિધિની જાફર સાદિક કેસની સંડોવણી દબાવી દેવા માટે રચવામાં આવ્યું છે. ગઈએ-NSGએ પલાનીસામીની સુરક્ષા ચૂસ્ત કરવાની જરૂર છે. તેમજ આઈપીએસ વરૂણ કુમાર અને વંદિતા પાંડેની નેશનલ સિક્યોરિટી એક્ટ હેઠળ ધરપકડ કરો. તમામ રાજ્યોમાં રેડ એલર્ટ આપો. કોઈમ્બતુર અને ત્રીચીમાં આઈએસએની સ્લીપર સેલ્સ એક્ટિવ છે. ઈમેઇલને પગલે થોડીવાર તંત્રવાહકોમાં દોડધામ મચી ગઇ હતી.

## ધરમ કરતાં ધાડ પડે તેવી ઘટનાઓ વચ્ચે છેતરપીંડી કરી લેવાનો રાજકોટમાં વધુ એક બનાવ

# વૃદ્ધા પાસેથી ઉછીના લઈ વિમલ છ લાખ ખાઈ ગયો

### લક્ષ્મણ ટાઉનશીપમાં રહેતાં કુસુમબેને તાલુકા પોલીસમાં FIR દાખલ કરાવીઃ પડોશી મારફત રકમ આપી હતીઃ પણ છેલ્લે લેણદારે કહી દીધુ હવે નથી દેવા જે કરવું હોય તે કરો

રાજકોટ તા. ૧૧

છેતરીપીંડીના રોજ બની રહેલા બનાવો વચ્ચે એક ગઠીયો એક વિધવા મહિલાની લાખોની રકમ ખાઇ ગયો હતો. શહેરના કાલાવાડ રોડ સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે આવેલા લક્ષ્મણ ટાઉનશીપમાં રહેતા વિધવા મહિલાએ પરિચીત એવા શખ્સને હાથ ઉછીના આપેલા રૂપિયા છ લાખ આપ્યા હતાં. પરંતુ આ શખ્સે બાદમાં આ રકમ પરત ન આપી ઠગાઇ કરતાં અંતે મહિલાએ પોલીસની મદદ લેવી પડી છે.

વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં કાલાવાડ રોડ સ્પીડવેલ પાર્ટીપ્લોટ પાસે આવેલા લક્ષ્મણ ટાઉનશીપ બ્લોક નં. આઇ ૨૦૮માં ભાડે રહેતા કુસુમબેન ફ્રાન્સીસભાઇ ફર્નાન્ડીસ નામના પાંસઠ વર્ષના વૃધ્ધાએ તાલુકા પોલીસ મથકમાં લક્ષ્મણ ટાઉનશીપમાં બ્લોક નં.સી-૨૧૫માં રહેતા વિમલ ખીમજીભાઇ પુજારા સામે ફરિયાદ નોંધાવી છે. કુસુમબેને ફરિયાદમાં જણાવ્યું છે કે, મારા પતિના અવસાન બાદ હું કર્વાટરમાં એકલી રહુ છું મારે સંતાનમાં એક દિકરી છે. તે મવડીમાં સાસરે રહે છે. એક વર્ષ પહેલા અમારૂ મહારાષ્ટ્ર ખાતે આવેલ મકાન વેંચ્યુ હતું.



જેના રૂ.૧૪ લાખ મારી પાસે પડયા હોય મારે રાજકોટમાં મકાન ખરીદ કરવું હોય જેથી મારી બાજુમાં જ રહેતા હરૂભા ગોવિંદજી ચૌહાણને મકાન લેવા બાબતે વાત કરી હતી. જેથી છએક મહિના પહેલા હરૂભા ચૌહાણએ મને કહેલ કે હાલ મકાનમાં રોકાણ ન કરૂ હોય તો મારા મિત્ર વિમલ પુજારાને રૂપીયાની જરૂર છે અને હું તેને ઓળખું છું તે તમને બે-ત્રણ મહિનામાં રૂપિયા પરત આપી દેશે તેમ વાત કરી હતી. આ પછી ૧૮/૧૦/૨૩ ના રોજ મે પાડોશી હરૂભા ચૌહાણના હસ્તક તેના મિત્ર વિમલ પુજારાને રૂ.૬ લાખ રોકડા હાથ ઉછીના આપ્યા હતા અને આ બાબતે જયુબેલી ચોક ખાતે વકીલ મારફતે હરૂભાની હાજરીમાં મને વિમલે નોટરાઇઝ લખાણ કરી રૂ.૬ લાખ તા.૧૭/૩/૨૪ ના રોજ ચુકવી આપવાની પ્રોમેસરી નોટ લખી આપી હતી.

તેમજ જામીનગીરી તરીકે કોટક મહિન્દ્રા બેંકના બે ચેક આપ્યા હતા. બાદ વિમલએ આપેલી પ્રોમીસરી નોટ મુજબ સમય પુરો થયો હોય જેથી મેં વિમલ પાસે રૂપિયા પરત માંગતા તેણે કહેલ કે ''હાલ મારી પાસે રૂપીયા નથી તમને ચેક આપેલા છે જેથી હું તમને હાલ રૂપિયા ચુકવીશ નહીં તમારે રૂપીયા જોતા હોય તો મેં આપેલા ચેક તમે બેંકમાં વટાવી નાખો'' તેમ ઉડાવ જવાબ આપ્યો હતો. ત્યારબાદ મેં થોડા દિવસ બાદ વિમલ પાસે રૂપીયા માંગતા તેણે જણાવ્યું હતું કે, 'મેં તમને અગાઉ ચેક આપેલ છે જે તમે બેંકમાં વટાવતા નહી હું તમને હાલ રૂ.૫૦ હજારનો ચેક લખી આપું' તેમ કહીને બેંકનો રૂ.૫૦ હજારનો ચેક આપ્યો હતો. બાદ મારે રૂપિયાની જરૂર હોય જેથી વિમલે આપેલો રૂ.૫૦ હજારનો ચેક બેંકમાં વટાવા જતા ચેક બાઉન્સ થતા મેં વિમલને જાણ કરતા તેણે કહેલ કે, 'મેં તમને અગાઉ ચેક આપેલા જ છે હવે મારે તમને પૈસા દેવાના થતા નથી.

છેલ્લે મને તેણે રૂપિયા આપવાની ના પાડી દઇ તમારે જે કાંઇ કરવું હોય તે કરી લેજો તેમ કહી દીધુ હતું તેમ વધુમાં વૃધ્ધાએ જણાવતાં તાલુકા પોલીસ સ્ટેશનના ડી. એમ. હરીપરાના માર્ગદર્શનમાં પીએસઆઇ કે. એચ. કારેણાએ એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી.